૨૦૭

ચાર કાંકરા વાગે રે ગુજરી, ચાર કાંકરા વાગે
મંજુલાબેન તારા પિતા એકલા.
ખેતરીએ કોણુ જાશે રે........ગુજરી.
મંજુલાબેન તારી માડી એકલી
રાંધણિયાં કોણુ રાંધે રે........ગુજરી.
મંજુલાબેન તારી બેની એકલી
પાણીડાં કોણુ ભરે રે...........ગુજરી.

૨૦૮

### દેવને પગે પડવા જાય ત્યારે

તું તો કયા દેવને મળવા આવી મોરા
ચાંદો સરખો સૂરજ મોરા
હું તો અંબા માતાને મળવા આવી છું મોરા
ચાંદો સરખો સૂરજ મોરા
હું તો બારની ગાડીએ જઈશ મોરા
ચાંદો સરખો સૂરજ મોરા
હું તો કાળીકા માતાને મળવા આવી છું મોરા
ચાંદો સરખો સૂરજ મોરા.

૨૦૯

### પીઠી વખતે

કાચી ઘાણીનાં કાચાં તેલ રે ભમરિયા
ભાઈ તને કોણે ચઢાવ્યાં કાચાં તેલ રે...
ભમરિયા.
ભાઈ તને ભાભીએ ચઢાવ્યાં કાચાં તેલ રે...
ભમરિયા.
કાચી ઘાણીની કાચી પીઠી રે ભમરિયા
ભાઈ તને બેનીએ ચઢાવી કાચી પીઠી રે...
ભમરિયા.



૨૧૦

### પીઠીવાળાં વર-કન્યાને સ્નાન કરાવતી વખતે

તાપીના તાતાઓ[1] પાણી રે....(૨)
એ પાણીએ પુષ્પાબેનીને નવડાવો રે...(૨)
તાપીના તાતાઓ પાણી રે....(૨)
એ પાણીએ પીઠી ધોઈ કાઢો રે....(૨)
એ પાણીએ તાંબાકૂંડીઓ ભરો રે...(૨)
તાંબાકૂંડીમાં પુષ્પાબેનીને બેસાડો રે (૨)

૧. ગરમ.

૨૧૧

### જાન નીકળતાં

ભાઈ તુણો[1] ઊજળો ઘોડો રા પીળો ચાબકો[2]
ભાઈ તુણી[3] જાનીમાં કુણુ[4] કુણુ આવેરાં....ભાઈ
ભાઈ તુણી જાનીમાં બાપો....માડી આવેરા ભાઈ
ભાઈ તુણી ઊજળો ઘોડો રા પીળો ચાબકો
ભાઈ તુણી જાનીમાં ભાઈ–ભોજાઈ આવેરા....ભાઈ
ભાઈ તુણી જાનીમાં મામો–મામી આવેરા....ભાઈ
ભાઈ તુણી ઊજળો ઘોડો રા પીળો ચાબકો
ભાઈ તુણી જાનમાં બાઈ–ભાવલો[5] આવેરા....ભાઈ

૧. તારો ૨. ચાબુક ૩. તારી ૪. કોણ કોણ ૫. બેન-બનેવી.

૨૧૨

ચાલી ચાલીને થાકયા રે રાવળિયા
હજુ ન આવે લાડી તારું ઘર
પગનાં તળિયાં તપ્યાં રે રાવળિયા...હજુ ન૦
જોઈ જોઈ આંખો દુઃખે રે રાવળિયા...હજુ ન૦
માથાનો ફેંટો તપ્યો રે રાવળિયા...હજુ ન૦

## ૩૦૧

### પીઠી ચોળ્યા પછી

કુંભારવાડે ગોયલી વેવાણી
ખાંડા[૨] કાડિયે[૨] લાવની[૩] હેં વેવાણી
ત્યારે દીવડો કર્યો[૪] હે વેવાણી.

મા૦ ૬૦ – વસુબહેન એ. પટેલ

૧. ખાંડુ ૨. કોડિયું ૩. લાવી રે ૪. કર્યો.

## ૩૦૨

### માંડવો કરે ત્યારે

માંડવે રોપી રે મેં ગલકી, ઉખળિયે આવશે રે
અબદું.
રે અબદું રે જોશે મારે કાળીદાસ ભાઈને.
માંડવે રોપી રે મેં ગલકી ઉખળિયે ઓપશે રે જોત મેત
તેલ જોશે રે માર...
માંડવે રોપી રે મેં ગલકી ઉખળિરે ઓપશે રે મે ચાંલ્લાં
જોશે રે માતા...
માંડવે રોપી રે મેં ગલકી ઉખળિયે ઓપશે રે જોશે રે મા
માંડવે રોપી રે મેં ગલકી ઉખળિયે આપશે રે કપડાં જોશે રે
માંડવે રોપી રે મેં ગલહી ઉખળિએ દાગ્જમ જોશે રે
માંડવે રોપી રે મેં ગલકી ઉખળિયે ઓપશે રે જામો, જોશે રે
માંડવે રોપી રે મેં ગલકી ઉખળિયે ઓપશે રે કબજો જોશે રે

## ૩૦૩

### ગ્રહશાંતિ થાય ત્યારે

ભાહા[૧] કુણી કરાવે હાતાક[૨]
ભાહાયા[૩] મામા ઉવે ભાહાયા મામીઆ[૪] ભાણુયા અહે
તારે[૫] આખા મોહાવરે[૬]
તીયે[૭] કરવાડે હાતરા[૮] ભાયાતીયે કરવાડે હાતક
ભાહાયા બાહ ઉવે માય ઉવે ભાહયાં અટેતાટે આખા કુટલ[૯]
ભયે[૧૦] કરવાડે હાનાકરા[૧૧] ભાયા તીયે કરવાડે હાતાક

મા૦ ૬૦ – વસુબહેન એ. પટેલ

૧ ભાઈ ૨. શાંતક ૩. ભાઈના ૪. હોય ૫. મામીઓ ૬. એમણે ૭. મોસાળના ૮. તેઓ ૯. કરાવે શાંતિક ૧૦. આખું કુટુંબ ૧૧. તેઓએ ૧૨. કરાવી શાંતક



## ૩૦૪

### પીઠી ધુએ ત્યારે

માણો[૧] ભાદ[૨] અધોબે[૩] તે તાપીએના પાણીરા
નવી નવરી[૪] આધોબે તે ખાડામાન પાણી
માણો ભાયો અધોળે તે દહીંથી માખણથી.
નવી નવરી અધોળે તે કુવામાંના પાણીરા ભમરા

૧. મારા ૨. ભાઈ ૩. નાચતાં ૪. કન્યા

## ૩૦૫

### વરઘોડો કાઢે ત્યારે

(૧)

કોણુ દેખાઈનો[૧] આમનો[૨] વરઘોડો હે
બલ્લુ દેહાઈનો આમનો વરઘોડો હે
કેણી ભંગાણીઓ આમનો વરઘોડો[૩] હે
શાંતિ ભંગાણીઓ આમનો વરઘોડો હે

૧. દેસાઈનો ૨. આવ્યો ૩. વરઘોડો

## ૩૦૬

### જાન જતી વખતે

કનિયાના કંસ વીરા હજુ ઘણુા દૂર છે
પિતા તો દોડતેલા આવશે કે
છોકરો મારો પરણેવા જાય છે
કનિયાના....

માતા તો દોડતેલા આવશે કે
છોકરો મારો પરણેવા જાય છે
કનિયાના....

ભાઈ તો દોડતેલા આવશે કે ભાઈ
મારો પરણેવા જાય છે.
કનિયાના....

ભાભી તો દોડતેલાં આવશે કે નણંદ
મારાં પરણેવા જાય છે.
કનિયાના....

(વાળી વાળીને ગાવું)

મા૦ ૬૦ – વસુબહેન એ. પટેલ

### ૩૦૭

### કન્યાને પરણવા જાય ત્યારે

નદી કિનારે ડુંગર કડાણે
મારી નાવ કરે પોકાર વીરા તારી
હો વીરા તારી (૨)
જાન ચાલી રે ગુજરાત
હો વીરા તારી જાન ચાલી રે ગુજરાત

હો વીરા તારી જાન ચાલી રે ગુજરાત.
નદી કિનારે ડુંગર કડાંણે
મારી નાવ કરે પોકાર
હો વીરા તારી (૨)
જાન ચાલી રે ગુજરાત.

### ૩૦૮

### વરરાજા પરણાવવા જતાં વાહનમાં બેઠા હોય રે

ગાડીવાલા કમાન્ડ જરા ગાડી ધીરે હાંક રે.
તારી ગાડીમાં શું શું ઘટેલું ગાડીવાળા કમાન્ડ
જરા ગાડી ધીરે હાંક રે.
તારી ગાડીમાં કોલસા ઘટેલા ગાડીવાલા કમાન્ડ
જરા ગાડી ધીરે હાંક રે.
તારી ગાડીમાં શું શું ઘટેલું ગાડીવાલા કમાન્ડ
જરા ગાડી ધીરે હાંક રે.
તારી ગાડીમાં પાણી ઘટેલું ગાડીવાલા કમાન્ડ
જરા ગાડી ધીરે હાંક રે.

મા૦ ૬૦ – સોમાભાઈ પટેલ



### ૩૦૯

### જાન આવે ત્યારે

(૧)

ભાયા[૧] અમણા[૨] આવીમા[૩] તાડીયે[૪] ખુબરા ભાયા[૫]
સોરીયે[૬] દેહમાં[૭]નાય મીલે તાડીયે
રમણુભાહ માણો[૮] લાટકો[૯] ગેલ્લી[૧૦] જોઈરા
ભાયા આપણાં ગામમાં ખજૂરિયા ખૂબ રાબાયા
સોરીયે દેહમાં નાય મીલે ખજૂરી
રમણુભાહ માણો લાડકો ખજૂરે જોઈરા.

૧. ભાઈ ૨. અમારાં ૩. દેશમાં ૪. તાડ ૫. ઘણાં રે ૬. કન્યાના ૭. દેશમાં નથી ૮. મારા ૯. લાડકો ૧૦. ગાડું

### ૩૧૦

### જાનૈયા કપડાં ચડાવવા જાય ત્યારે

હવાહોની હાડી[૧] માણો[૨] ભાહ[૩] ગજવે સુઈ[૪] લામનો
ગમે તે પેટી નેતે[૫] માણી[૬] સાડી બગાડી
હવાહોની હાડી ડગલી માણો ભાહ ગજવે સુઈ લામનો
પેરુની તે પેરી નેતે આમણી[૭] ડગલી બગાડી

૧. સાડી ૨. મારા ૩. ભાઈ ૪. મૂકી લાવ્યા રે ૫. નહિ તો ૬. મારી ૭. અમારી

### ૩૧૧

### મંડપમાં કન્યાને લઈ જાય ત્યારે

(૧)

ગોરા ગોરા હાથમ[૧] વીટી પોવી[૨] ડોયમાં[૩] અંતર[૪] લાખીને[૫]
ચાલ હે[૬] ચાલ રામીબાઈ માંડવામાં
ગોરા ગોરા પાગામાં[૭] હાકળે[૮] પોવીને
ચાલ હે ચાલ રામીબાય માંડવામાં

મા૦ ૬૦ – વસુબહેન એમ૦ પટેલ, ચીખલવાવ

૧. માં ૨. પહેરીને ૩. માથામાં ૪. અત્તર ૫. નાખીને ૬. રે ૭. પગમાં ૮. ઝાંઝરી

## ૩૧૨

### માંચરામાં પરણવા બેસે તે વખતે

બાપા પરણાવે પરણી જાવો નયનાબેન
નાદાન પઈડાં રે ગુજરાત.
માડી પરણાવે પરણી જાવો નયનાબેન
નાદાન પઈડાં રે ગુજરાત
ભાઈ પરણાવે પરણી જાવો નયનાબેન
નાદાન પઈડાં રે ગુજરાત
ભાભી પરણાવે પરણી જાવો નયનાબેન
નાદાન પઈડાં રે ગુજરાત
મામા પરણાવે પરણી જાવો નયનાબેન
નાદાન પઈડાં રે ગુજરાત
મામી પરણાવે પરણી જાવો નયનાબેન
નાદાન પઈડાં રે ગુજરાત.

મા૦ દ૦ – સોમાભાઈ પટેલ

## ૩૧૩

### મંગળફેરા ફરે ત્યારે

(૧)

વેલી વેલી ચાંદ રે[1] શાંતી[2] કહાઈ[3] બ્યાક[4] લાગે
માણો[5] ભાહ[6] નાનલો[7] નાય[8] શરમ લાગે
ઝાડી જંગલ નાહ[9] ચાહે[10] હે શાંતિ કહાઈ બ્યાક લાગે.
વેલી વેલી ચાલ રે શાંતી કહાઈ બ્યાક લાગે.

મા૦ દ૦ – વસુબહેન એ૦ પટેલ

૧. ચાલ રે ૨. શાંતિ ૩. શાની ૪. બીક ૫. મારા ૬. ભાઈ ૭. નાના ૮, નહિ ૯. નથી. ૧૦. ચાલ રે



## ૩૧૪

### ચોરીની વિધિ પૂર્ણ થયા બાદ

જય જય કૃષ્ણ કનૈયા કૃષ્ણ કનૈયા
હવે બેનું પરણી ગઈ.
બાપાની માયા છોડવી પડવાની, છોડવી પડવાની
હવે બેનું પરણી ગયાં.
સસરાની માયા ઝાલવી પડવાની હો ઝાલવી પડવાની
હવે બેનું પરણી ગયાં
માઈની માયા છોડવી પડવાની હો છોડવી પડવાની
હવે બેનું પરણી ગયાં.
સાસુની માયા ઝાલવી પડવાની હો ઝાલવી પડવાની
હવે બેનું પરણી ગયાં.
ભાઈની માયા છોડવી પડવાની હો છોડવી પડવાની
હવે બેનું પરણી ગયાં.
સાળાની માયા ઝાલવી પડવાની હો ઝાલવી પડવાની
હવે બેનું પરણી ગયાં.

મા૦ દ૦ – દેવી જાંબુભાઈ પટેલ, ઉ.વ. ૧૨; કોલાવાસ મોટી ચણવઈ

## ૩૧૫

### લગ્નવિધિ પૂરી થયા બાદ

નદીકિનારે સરોવરની પાળે વાંસળી વગાડે
મારો ભાઈ હો ભાભી.
તમને બોલાવે સાડી લઈ આપે
વાંસળી વગાડે મારો ભાઈ હો ભાભી.
નદીકિનારે સરોવરની પાળે વાંસળી વગાડે
મારો ભાઈ હો ભાભી.
તમને બોલાવે સાંકળાં લઈ આપે
વાંસળી વગાડે મારો ભાઈ હો ભાભી.
નદીકિનારે સરોવરની પાળે વાંસળી વગાડે
મારો ભાઈ હો ભાભી
તમને બોલાવે બંગડી લઈ આપે
વાંસળી વગાડે મારો ભાઈ હો ભાભી.
નદીકિનારે સરોવરની પાળે વાંસળી વગાડે
મારો ભાઈ હો ભાભી.

મા૦ દ૦ – સોમાભાઈ પટેલ

૩૧૬

## પરણી રહ્યા બાદ વિદાય વખતે

બાપાએ શીખ્યાં છે રૂડાં સાસરિયાં નયનાબેન
તમારે જાઉં છે હવે સાસરિયાં.

માડીએ કરી રૂડી રીત રે નયનાબેન
તમારે જાઉં છે હવે સાસરિયાં

ભાઈએ આપ્યાં છે કન્યાદાન રે નયનાબેન
તમારે જાઉં છે હવે સાસરિયાં

ભાભીએ કરી રૂડી રીત રે નયનાબેન
તમારે જાઉં છે હવે સાસરિયાં.

બહેને આપ્યાં છે કન્યાદાન રે નયનાબેન
તમારે જાઉં છે હવે સાસરિયાં

મામાએ કર્યાં છે મોસાળાં નયનાબેન
તમારે જાઉં છે હવે સાસરિયાં

મામીએ કરી રૂડી રીત રે નયનાબેન
તમારે જાઉં છે હવે સાસરિયાં.

૩૧૭

## કન્યાની વિદાય વખતે

લાડી તું રડું રડું શું કરે
તારા લખ્યા કાગળ લડે.

લાડી તું રડું રડું શું કરે
તને લીધા વગર ના જાઉં.

તને લીધા વિના ન જાઉં
તાડી પીધા વિના ન જાઉં.

લાડી તું રડું રડું શું કરે
તારા લખ્યા કાગળ લડે.

મા૦ ૬૦ – સોમાભાઈ પટેલ



૩૧૮

## ભાંડવણી (ફટાણાં)નાં ગીતો

આવી વસંતની બહાર કોયલિયો ના બોલે રે
મનુને અમારા ગામમાં રહેવાનો ઘણો વિચાર
થૈ થૈ.

આવી વસંતની બહાર કોયલિયો ના બોલે રે
સવિતાને અમારા ગામમાં રહેવાનો ઘણો વિચાર
થૈ થૈ.

આવી વસંતની બહાર કોયલિયો ના બોલે રે
નગીનભાઈને અમારા ગામમાં રહેવાનો ઘણો વિચાર
થૈ થૈ.

આવી વસંતની બહાર કોયલિયો ના બોલે રે
પાર્વતીને અમારા ગામમાં રહેવાનો ઘણો વિચાર
થૈ થૈ.

આવી વસંતની બહાર કોયલિયો ના બોલે રે

મા૦ ૬૦ – સોમાભાઈ પટેલ

૩૧૯

## જાન વળાવે ત્યારે

રમેશ જે જેરા તુરા[૧] જાતો કરે
રમેશ આવીરા[૨] દીધી[૩] સડક બંગલો
કાગળ લખીશ દીધી સડક બંગલો

૧. જારે તને ૨. આવજે ૩. સીધી

૩૨૦

## આણા વખતે કન્યાપક્ષ

જમાઈ આવ્યવો જોડમાં તોરમાં
પોરી ગયેલી પટેલના ઢોરમાં
ઉતો નથી જવાની
જમાઈ ઘડિયું લઈને આયવો
જમાઈ ઢીચતો ઢીચતો આયવો
બાપા ઉતો નથી જવાની
દીકરા જાવું રે પડશે.
દીકરા પૈસા રે કાંથી ભરશું.

મા૦ ૬૦ – વસુબહેન એ. પટેલ

## ૩૨૧

### વિદાયવેળા

એની રે એની રે તું સાસરે જવાની એક દિન
તારે જવાનું.....હો એક દિન.
બાપા માડી માયા છોડી દેવાના.
સાસુ સસરાની સંગે ચાલી જવાના.
એની રે એની રે તું સાસરે જવાની એક દિન
હો એક દિન.
કાકા કાકી માયા છોડી દેવાના.
નણંદ નણદોયની કારી લેવા હો હો હો
નણંદ નણદોયની માયા ધરી લેવા
વાળી વાળી કહેશું.

મા૦ ૬૦ – ધનુબહેન શંકરભાઈ પટેલ

## ૩૨૨

### વિદાય વખતે ગવાતું ગીત

ગુલાબ ફૂલની વેણી રમીલા મારાં બેની
જવાનાં જવાનાં સાસરિયે.

સાસરિયામાં સસરા એ રોજ વળાવે કચરા
એ કચરા એ કચરા તે વાળે મારાં બેન
ગુલાબ ફૂલની વેણી રમીલા મારાં બેની
જવાનાં જવાનાં સાસરિયે.

સાસરિયામાં સાસુ એ રોજ પડાવે આંસુ
એ આંસુ એ આંસુ ન વાળે મારાં બેની
ગુલાબ ફૂલની વેણી રમીલા મારાં બેની
જવાનાં જવાનાં સાસરિયે.

સાસરિયામાં જેઠ રોજ પડાવે વેઠ
એ વેઠ એ વેઠ ના પાડે મારાં બેન
ગુલાબ ફૂલની વેણી રમીલા મારાં બેની
જવાનાં જવાનાં સાસરિયે

સાસરિયામાં જેઠાણુ એ બન્ન જસે શેઠાણી
એ શેઠાણી એ શેઠાણી નવ નવાહેમા.



## ૩૨૩

### વિદાય વખતનાં ગીત

(૧)

એની રે એની તું સાસરે જવાના એક દિન
તારે જવાના હો હો એક દિન....તારે
માતાપિતાનીમાયા છોડી દેવાના સાસુ સસરાની
માયા ઝીલી લેવાના હો સાસુ સસરા માયા
ઝીલી લેવાના.
એની રે એની તું સાસરે જવાની એક દિન તારે
જવાનું હો હો એક દિન તારે જવાનું.
ભાઈ ભાભી માયા છોડી દેવાનાં શેઠ શેઠાણુ સંગે
ચાલી જવાનો હો હો શેઠ શેઠાણુ સંગે
ચાલી જવાના.

## ૩૨૪

(૨)

એક વનનું પંખી ઊડી ગયું ત્યારે સુંદર ગીત સુણાવી ગયું
બેની પાંચ વરસનાં બાળ હતાં ત્યારે કોના જોડે રમતાં હતાં
બેની પાંચ વરસનાં બાળ હતાં ત્યારે માતા જોડે રમતાં હતાં
એક વનનું પંખી ઊડી ગયું ત્યારે સુંદર ગીત સુણાવી ગયું.
બેની સાત વરસનાં બાળ હતાં ત્યારે કોની જોડે રમતાં હતાં
બેની સાત વરસનાં બાળ હતાં ત્યારે માતા જોડે રમતાં હતાં.
એક વનનું પંખી ઊડી ગયું ત્યારે સુંદર ગીત સુણાવી ગયું.
બેની દસ વરસનાં બાળ હતાં ત્યારે કોની જોડે રમતાં હતાં
બેની દસ વરસનાં બાળ હતાં ત્યારે સખીઓ જોડે રમતાં હતાં
બેની વીસ વરસનાં બાળ થયાં ત્યારે કોની જોડે પરણી ગયાં
બેની વીસ વરસનાં બાળ થયાં ત્યારે ચીમનલાલની જોડે પરણી ગયાં.

૩૨૫

(૩)

સોના બંગલામાં રેકર્ડ વાગે છે.
સિદ્ધાર્થ તને મારી બેની બોલાવે છે.
તને ભરૂચના ભોજલા બતાવે છે.
સોના બંગલામાં રેકર્ડ વાગે છે.
મરાઠા તને મારી બેની બોલાવે છે.
બેની બોલાવે છે, તને અતુલના પિયર બતાવે છે
સોના બંગલામાં રેકર્ડ વાગે છે.
(વાળી વાળીને ગાવું)

૩૨૬

(૪)

બેન તારાં અવસરિયાં દસ વીસ બેન તમે
આવો રે નીરુબેન જો ધીમાં રહીને બોલો.
બેન તારા પિતા બોલાવે જ ચાલો રે નીરુબેનને
ધીમાં રહીને બોલાવે.
બેન તારા સસરા બોલાવે ના બોલે રે નીરુબેન
તમે ધીમાં રહીને
રહીને બોલો બોલો બેન તારા સાસરિયાં. .
બેન તારાં માતા બોલાવે જત બોલો રે નીરુબેન
તમે ધીમાં રહીને.
બોલો બેન તારાં સાસુ બોલાવે ન બોલે રે નીરુબેન
તમે ધીમાં રહીને બોલો.
(જો નામ પર વાળી વાળીને ગાવું)

૩૨૭

(૫)

સાસરેની શૂરા બેન ગામ જાસો પૂરીબેન સાસરે જવાનાં.
આપણું ગામ લાઇટ બેન ઉજાસે એ ફરેલાં બેન સાસરે જવાનાં.
અમદાવાદમાં દીવા બેન અંધારે અકળાશો બેન સાસરે જવાનાં.
સાસરેની શૂરાળે ?. . . . .
આપણુા ગામમાં નળ બેન, નળે પાણી ભરેલાં બેન,
સાસરે જવાનાં
અમદાવાદમાં કૂવા બેન કૂવા એ અકળાશો બેન સાસરે જવાનાં



૩૨૮

(૬)

ચાલીને ચાલ ચલતા જે રૂમઝૂમ કરતાં કે બેની
આવડા પંડયામાં.
પહેલેની સાડીઓ પહેરતા કે રૂમઝૂમ કરતાં કે બેની
આવડા પંડયામાં.
પહેલેની ચોળીઓ પહેરતા કે રૂમઝૂમ કરતાં રે
બેની આવડા પંડયામાં

૩૨૯

(૭)

બેની પણિયતનો પાલવ સંભાળજો રે અંબેમા
અખંડ સૌભાગ્ય એનાં આપજો રે
એના સસરા દશરથ જેવા આપજો રે અંબેમા
અખંડ સૌભાગ્ય એનાં આપજો રે
એની સાસુ કૈકયી જેવી આપજો રે અંબેમા
અખંડ સૌભાગ્ય એનાં આપજો રે
એના જેઠ રામચંદ્ર જેવા આપજો રે અંબેમા
અખંડ સૌભાગ્ય એનાં આપજો રે
એની જેઠાણી સીતા સમાન આપજો રે અંબેમા
અખંડ સૌભાગ્ય એનાં આપજો રે અંબેમા
એના દિયર લક્ષ્મણ જેવા આપજો રે
અખંડ સૌભાગ્ય એનાં આપજો રે.
એની દેરાણી ઊર્મિલા સમાન આપજો રે અંબેમા
અખંડ સૌભાગ્ય એનાં આપજો રે
એની પણિયતનો પાલવ સંભાળજો રે અંબેમાં

૩૩૦

(૮)

હો દૂર જાને બેનું હો દૂર જાને બેનું
હમને ન ભૂલ જાના હમને ન ભૂલ જાના.
પિતાની માયા છોડી સાસુની સંગે જવાનાં
હો દૂર જાને બેનું, હમને ન ભૂલ જાના, હમને ન ભૂલના
માતાની માયા છોડી, સસરાને સંગે જવાનાં
ભાઈની માયા છોડી, જેઠને સંગે જવાનાં
હો દૂર જાને બેનું હો દૂર જાને બેનું
હમને ન ભૂલ જાના
બેનીની માયા છોડી હો જાન સંગે જવાનાં

૩૩૧

સારી રીતે બેનનાં લગ્ન લેવાયાં લગ્ન લેવાયાં બેનનાં
મનાખા મોભાયો, સામે ઊભેલાં બેનનાં મામા ને મામી
મામી મામાને જોઈને બેનને શરમ આવે.
શરમ આવે બેનનાં લગ્ન લેવાયાં લગ્ન લેવાયાં
બેનનાં મનડાં મોઝાયો, મનડાં મોઝાય બેનને
શરમ આવે.

૩૩૨

હવે શું કરું રે બેન, બેનને પંખીડું લઈ જાય
બેની બેઠાં છે બાગમાં બનેવી છે માળી
માળીની નજર મારી શોભાબેનની પાસ.
બેની બેઠાં વિમાનમાં બનેવી છે વાયરમેન
વાયરમેનની નજર મારી શોભાબેનની પાસ.
બેની બેઠાં મોટરમાં બનેવી છે ડ્રાઇવર
ડ્રાઇવરની નજર મારી શોભાબેનની પાસ



૩૩૩

ડાહ્યાં બનીને બેની હમરાં (૨)
રાખજે કૂળની લાજ બેની સંપીને રે'જે હવે સાસરે
કોઈની મોટી બિલ્ડિંગ જોઈને ઝૂંપડી તોડીશ ના બેની,
સંપીને રે'જે હવે સાસરે
ડાહ્યાં બનીને બેની હમરાં (૨)
કોઈના ફેશની કપડાં જોઈને (૨)
ફાળિયાં ફેંકીશ ના બેની સંપીને રે'જે હવે સાસરે

૩૩૪

સાસરિયાના સૂના બંગલામાં રહીને બંગલા
બંગલા દીપાવ હો બેની, રહીને બંગલા દીપાવ,
સસરા તમારા દશરથ સરખા સાસુ તમારી કૌશલ્યા — કૈકયી સમાન
સમાન હો બેની સાસુ તમારી કૌશલ્યા — કૈકયી સમાન,
સ્વામી તમારા, શંકર સરખા પોતે પાર્વતી સમાન
સમાન હો બેની પોતે પાર્વતી સમાન
જેઠ તમારા રામચંદ્ર સરખા જેઠાણી સીતા સમાન
સમાન હો બેની, સાસરિયાંના સૂના બંગલા દીપાવ
સાસરિયાંના સૂના બંગલામાં રહીને
બંગલા દીપાવ, હો બેની (૨) બંગલા દીપાવ

૩૩૫

(ગીત)

લાલ મોટર આવી, કેરીનો કંડિયો લાવી
મારી ભાભી અંકુરમાં લીલા લહેર છે,
મારા ભાઈને વરશો તો સેંડલ પહેરી ફરશો
મારાં ભાભી અંકુરમાં લીલા લહેર છે.
મારા ભાઈને વરશો તો પાઉડર છાંટી ફરશો,
મારાં ભાભી અંકુરમાં લીલા લહેર છે.
લાલ મોટર આવી કેરીનો કંડિયો લાવી
મારાં ભાભી અંકુરમાં લીલા લહેર છે.

મારા ભાઈને વરશો તો ઝાંઝર પહેરી ફરશો
મારાં ભાભી અંકુરમાં લીલા લહેર છે.
મારા ભાઈને વરશો તો કડી પહેરી ફરશો
મારાં ભાભી અંકુરમાં લીલા લહેર છે. . . . લાલ મોટર
મારા ભાઈને વરશો તો સાડી પહેરી ફરશો
મારાં ભાભી અંકુરમાં લીલા લહેર છે.
લાલ મોટર આવી કેરીનો કંડિયો લાવી
મારાં ભાભી અંકુરમાં લીલા લહેર છે.

૩૩૬

(ગીત)

નવીવોવ સુમ સુમ પારા મૂકેશભાઈના રાજમાં
મૂકેશભાઈના રાજમાં
મારા ભાઈ કહે છે કપાળે ચાંલ્લો કરશો નહિ
મોંએ પાઉડર નાખશો નહિ મૂકેશભાઈના રાજમાં
મૂકેશભાઈના રાજમાં
મૂકેશભાઈ કહે છે હાથે બંગડી પહેરાવશો નહિ
પગે ઝાંઝરું પહેરશો નહિ મૂકેશભાઈના રાજમાં
મૂકેશભાઈના રાજમાં
મૂકેશભાઈ કહે છે કાને કડી પહેરશો નહિ
ગળે માળા પહેરશો નહિ મૂકેશભાઈના રાજમાં
મૂકેશભાઈના રાજમાં

૩૩૭

ઊંચા ઊંચા બંગલા ને બારડોલીના બાગમાં
ચણુવઈ ગામમાં રમતાં હતાં આજ રે શોભાબેન
સવારે સમજાવી ગયાં, બપોરે બનાવી ગયાં
રાતમાં ઉપાડી જશે આજ રે શોભાબેન (૨)
સાંકરામાં સમજાવી ગયાં, ઝાંઝરમાં બનાવી ગયાં
વીંટીમાં ઉપાડી જશે આજ રે શોભાબેન (૨)
ઊંચા ઊંચા બંગલા ને બારડોલીના બાગમાં
ચણુવઈ ગામમાં રમતાં હતાં આજ રે શોભાબેન
સાડીમાં સમજાવી ગયાં, ચોળીમાં બનાવી ગયાં
ચણિયામાં ઉપાડી ગયાં આજ રે શોભાબેન (૨)



૩૩૮

હા હા પંખીડાં લઈ જાય, બેની શું કરો વિચાર
બેની પંખીડાં લઈ જાય.
બેની બેઠિયાં ગાડીમાં બનેવી બન્યા કંડક્ટર
કંડક્ટરની નજર મારે કોના બેન ઉપર ?
હાથમાં કંકણ, પગમાં* ઝાંઝર, શોભે ગળામાંનો હાર
બેની આનંદનો નહીં પાર.

૩૩૯

વડલે રે વડલે વડલાની ડાળ તેનાં રે
આવ્યાં ડીંડવાં
મારાં રે નીરૂબેન દોની ખોળે રમયે દંતમોટે
આવ્યાં ડીંડવાં,
મારાં રે નીરૂબેન માટી ખોળે રમતાં તેનાં રે
આવ્યાં ડીંડવાં
મારાં રે નીરૂબેન મારીખોળે રમતાં તેનાં રે
આવ્યાં ડીંડવાં
વડલે રે વડલે, વડલાની ડાળે તેનાં રે
આવ્યાં ડીંડવાં

૩૪૦

કાચના ગલાસમાં બંનેને મોટેરાં કીધાં
મોટેરાં કીધાં બંનેને પરણાવી દીધાં
પરણાવી દીધાં બેનને ભાંગેલી ઝૂંપડીમાં
સોંપી રે દીધાં
પિતાનાં લાડ બેનને આવે યાદ ભાંગેલી ઝૂંપડીમાં
સોંપી રે દીધાં
માતાનાં લાડ બેનને આવે યાદ ભાંગેલી ઝૂંપડીમાં
સોંપી રે દીધાં

૩૪૧

ઓ દૂર જાતાં બેની અમને ન ભૂલ જાના (૨)
માતાની માયા છોડી,
સસરાની વાડી સૂકી (૨) લીલી બનાવી ચાલ્યાં (૨)
પોતાની વાડી લીલી (૨) સૂકી બનાવી ચાલ્યાં (૨)
હો દૂર જાતાં બેની (૨) અમને ન ભૂલ જાના (૨)
ભાઈની વાડી લીલી (૨) સૂકી બનાવી ચાલ્યાં (૨)
જેઠની વાડી સૂકી (૨) લીલી બનાવી ચાલ્યાં (૨)

૩૪૨

મુંબઈ શેરમાં બિલ્ડિંગ બંધાય, સુરત શેરમાં બિલ્ડિંગ બંધાય
ડઠી આડામેં જાતી રે વેવાઈ તારી સોકરી
મારા ભાઈ બિસ્કિટ લાવે મારા ભાઈ પેંડા લાવે
ખાવું હોય તો આવજો રે વેવાઈ તારી સોકરી

૩૪૩

પાણીની માટે મેં તો પેપટ સમાયું પાણીની
ખોટ કેમ જણાય રે કલેક્ટર સાહેબ આટલી
જુલમ તો તે તો કાજણુ વેરીમાં જોઈ.
દારૂ માટે મેં તો પેપટ સવાયું દારૂની ખોટ
કેમ જણાય રે કલેક્ટર સાહેબ આટલી જુલમ
તો તે તો કાજણુ વેરીમાં જોઈ

૩૪૪

રામુ તારે ઘરબાર બોલે બેની તારાં પિયરિયાં સાંભળે
પિયરિયામાં પિતાજી વાલા ઘડી ઘડી પ્રેમથી બોલાવે
હોલેથી તારા પિયરિયાં સાંભળે
રામુ તારા ઘરબાર બોલે ઓ બેની તારાં પિયરિયાં સાંભળે
સાસરિયાંમાં વીરા રાજી ભૂકા ઘડી ઘડી મેળવાયો
ઓ બેન તારાં પિયરિયાં સાંભળે



૩૪૫

એક ફૂલ જળી રે ભાઈના માંડવે
ભાઈ રે વાણિયા વીરા વીનવું રે
ધોતી લઈ વેલો આવ રાજા
રામચંદ્ર વાડીમાં ઊતરિયા રે
એક ફૂલ જળી રે ભાઈના માંડવે
ભાઈ રે દરજીડા વીરા વીનવું રે
કચની લઈ વેલો આવ રાજા
રામચંદ્ર વાડીમાં ઊતરિયા રે
એક ફૂલ જળી રે ભાઈના માંડવે
ભાઈ રે મોચીડા વીરા વીનવું રે
જોડા લઈ વેલો આવ રાજા
રામચંદ્ર વાડીમાં ઊતરિયા રે
એક ફૂલ જળી રે ભાઈના માંડવે,
ભાઈ રે કુંભારી વીરા વીનવું રે
ચાંદલો લઈ વેલો આવ રાજા
રામચંદ્ર વાડીમાં ઊતરિયા રે
એક ફૂલ જળી રે ભાઈના માંડવે.

૩૪૬

ભગવાન રે કળિયુગ રે, મારા શું રે, થશે
ભાઈના સુખના દિવસ ક્યારે આવશે
ભાઈના સસરા એવા મળિયા એ એવા મળિયા
હું માનું છું પિતા સમાન પણ
પણ એ નહીં માને પુત્ર સમાન
ભાઈની સાસુ મળિયાં એ એવાં મળિયાં
હું માનું છું માતા સમાન
પણ એ નહીં માને પુત્ર સમાન.

હો આજ મારું મહિયરિયું બહુ વહાલું મહિયરમાં મેલી ગયો.
હાથમાં છત્રી આપી ગયો છત્રીની છાંયે બેસાડી ગયો
છત્રીની માયા લગાડી ગયો
હો આજ મારું મહિયરિયું બહુ વહાલું
મહિયરિયામાં મેલી ગયો . . . . .લીંબની છાંયે

મા૦ દ૦ – સોમાભાઈ પટેલ

૩૫૫

## તુર અને થાળી સાથે નાચવા

માડી રે અજાણ્યા ગામડામાં નાખી
માડી રે નાનેરી પરણાવી રે લોલ
માડી રે અજાણ્યા ગામડામાં નાખી
માડી રે નાનેરી પરણાવી રે લોલ
માડી રે ટેકરે ચડીને વાટ જોતી
માડી રે નાનેરી પરણાવી રે લોલ
માડી રે અજાણ્યા ગામડામાં નાખી
માડી રે નાનેરી પરણાવી રે લોલ
માડી રે કૂવાને ટોડલે ઊભીને વાટ જોતી
માડી રે નાનેરી પરણાવી રે લોલ
માડી રે અજાણ્યા ગામડામાં નાખી
માડી રે નાનેરી પરણાવી રે લોલ

મા૦ દ૦ – સોમાભાઈ પટેલ

૩૫૬

## ઝેરિયું નાચવા માટે તર સાથે

ચીકુની વાડી રે ભાભી ચીકુની વાડી
વાંદરા ખાઈ ચાલ્યા રે ભાભી વાંદરા ખાઈ ચાલ્યા
રમણભાઈને કે'જે રે ભાભી બંદૂક લઈને દોડે
કેળાંની વાડી રે ભાભી કેળાંની વાડી
વાંદરા ખાઈ ચાલ્યા રે ભાભી વાંદરા ખાઈ ચાલ્યા
રમણભાઈને કે'જે રે ભાભી બંદૂક લઈને દોડે
આંબાની વાડી રે ભાભી આંબાની વાડી
વાંદરા ખાઈ ચાલ્યા રે ભાભી વાંદરા ખાઈ ચાલ્યા
સુરેશભાઈને કે'જે રે ભાભી બંદૂક લઈને દોડે.



૩૫૭

વાંકી ખજુરીની તાડી મારા છેલ રે,
વાંકી ખજુરીની તાડી રે લોલ (૨)
ઘેબલોક[1] તાડી પીધી મારા છેલ રે,
ઘેબલોક તાડી પીધી રે લોલ (૨)
વાંકી ખજુરીની તાડી મારા છેલ રે,
વાંકી ખજુરીની તાડી રે લોલ (૨)

મા. દ. સોમાભાઈ પટેલ

૧. માટીનું વાસણ

૩૫૮

મુંબઈ સેન્ટ્રલ ગાડી આવેલી છેલ
કાચા રૂમાલીયાનો રંગ છે,
એ ગાડીમાં શું શું ભરેલું છેલ
કાચા રૂમાલીયાનો રંગ છે
એ ગાડીમાં સનુ[1] ભરેલું છેલ
કાચા રૂમાલીયાનો રંગ છે
મુંબઈ સેન્ટ્રલ ગાડી આવેલી છેલ

૧. સોનું.

૩૫૯

સોનીડાનો બેટા રે
રંગે ભર્યો દાબડો
દાબડો વેચીને મને સાંકળા લઈ આપો રે,
રંગે ભર્યો દાબડો
દાબડો વેચીને મને સાડી લઈ આપો રે
રંગે ભર્યો દાબડો
સોનીડાનો બેટા રે
રંગે ભર્યો દાબડો
દાબડો વેચીને મને એરિંગ લઈ આપો રે
રંગે ભર્યો દાબડો
સોનીડાનો બેટા રે...

૩૬૦

સરકારી બંગલો સુનો રે લવંગ્યા
સરકારી બંગલો સુનો રે લોલ (૨)
સૂનો મૂકીને ક્યાં ગયલો રે લવંગ્યા
સૂનો મૂકીને ક્યાં ગયલો રે લોલ (૨)
ભેંસડા દોહવા ગયેલો રે લવંગ્યા
ભેંસડા દોહવા ગયલો રે લોલ (૨)
તે સારું મને મારે લવંગ્યા તે સારું મને
મારે રે લોલ (૨)
સરકારી બંગલો સૂનો રે લવંગ્યા

૩૬૧

એકવારે ધોધે જાજો સ્વામી મોરા હો,
એકવારે ધોધે જાજો રે લોલ (૨)
ધોધેથી સાડી ઓરી[1] લાવજો રે લોલ
ટિકિટ પર લખજો મારું નામ
સ્વામી મોરા હો (૨)
એકવાર ધોધે જાજો રે લોલ (૨)

૧. ખરીદી લાવવું.



૩૬૨

મનમાં જવાની પરણ્યાં લગનમાં જવાની રે (૨)
સાડી પહેરીને જોતો ભમરવેલો ભાંગ્યો રે
સાંકળા પહેરીને જોતો ભમરવેલો ભાંગ્યો રે
જાનમાં જવાની પરણ્યા લગનમાં જવાની રે (૨)

મા. દ.-મધુબહેન પટેલ

૩૬૩

એ......કાઠિયાવાડ રહેનારો પ્રદેશ[1] મારો (૨)
કાઠિયાવાડ રહેનારો રે લોલ...
એ......આંબાવાડીમાં રાત રહેલી મારા છેલ રે
આંબાવાડીમાં રાત રહેલી રે લોલ
હાંખીયું પડયું ને પોયરું રડયું મારા છેલ રે (૨)
એ પીધેલા એલફેલ બોલે મારા છેલ રે (૨)
કાઠિયાવાડ રહેનારો પ્રદેશ મારો
કાઠિયાવાડ રહેનારો રે લોલ (૨)

મા.દ.-સોમાભાઈ પટેલ

૧. પરદેશ

૩૬૪

હું તો ચાલતા જોગીને ધરમ કરું બેન
ચાલતા જોગીને ધરમ કરું રે (૨)
ધતુરા ધરમની મારી વાંસળી રે લોલ
ધતુરા ધરમની મારી વાંસળી રે લોલ
હું તો ચાલતા જોગીને ધરમ કરું બેન
ચાલતા જોગીને ધરમ કરું રે (૨)

મા. દ.-મધુબહેન પટેલ

૩૬૫

હું તમને પૂછું મારા સજના ગોવાળિયા
આજના ઢોર ક્યાં ચારિયા રે લોલ (૨)
દરિયાને વચ્ચે દીપલી ગોવાળિયા
આજના ઢોર ત્યાં ચારિયા રે લોલ
હું તમને પૂછુ મારા સજના ગોવાળિયા
આજના ઢોર ક્યાં ચારિયા રે લોલ (૨)

૩૬૬

પરણ્યાં રે બીજી લાવ નાની સરખા જમરૂખા (૨)
રોટલા ઘડતાં નહિ આવડે
નાની સરખી જમરૂખી (૨)
પાણીલાં ભરતાં નહિ આવડે
નાની સરખી જમરૂખા
પરણ્યાં રે બીજી લાવ નાની સરખી જમરૂખા (૨)

૩૬૭

તનમનીયાનું ઝાડ વેવાણુ બોલ તો ખરી
બોલ તો ખરી રે છેડો છોડ તો ખરી (૨)
તનમનીયાનું ઝાડ વેવાણુ બોલ તો ખરી
બોલતો ખરી રે માયા મેલ તો ખરી
તનમનીયાનું ઝાડ વેવાણુ બોલતો ખરી
બોલ તો ખરી રે છેડો છોડ તો ખરી
તનમનીયાનું ઝાડ વેવાણુ બોલ તો ખરી

૩૬૮

તમારા ગામમાં લાગે છે ધાક અલ્યા કેમ કરી મળવા આવું મેવાસીના—
ઝાડી કપાવીને રસ્તો બંધાવ્યો અલ્યા, એક વાર મળવા આવો
મેવાસીના ડામસી રે લોલ (૨)
ઝાડી કપાવીને રસ્તો બંધાવ્યો
અલ્યા ઘોડલે બેસી આવો
મેવાસીના ડામસી રે લોલ (૨)
ઝાડ કપાવીને રસ્તો બંધાવ્યો.
અલ્યા એકવાર મળવા આવો
મેવાસીના ડામસી રે લોલ (૨)

મા. દ.–મધુબહેન સોમાભાઈ પટેલ



૩૬૯

પોરી ભાઠેથા આવી રે
મારા ભાગ બોર કેમ ના લાવી (૨)
બોર તો કાચાં ને પાકાં રે
મેં તો નજરે ના દીઠાં (૨)
પોરી ભાઠેથી આવી રે
મારે ભાગ બોર કેમ ના લાવી (૨)
બોર તો ખાટાં ને મીઠાં રે મારે ભાગ રહેવા ન દીધાં (૨)
પોરી ભાઠેંથી આવી રે
મારે ભાગ બોર કેમ ના લાવી

મા. દ.–સોમાભાઈ પટેલ

૩૭૦

સાડી બ્યાજમાં ડોલે
હો છેલ પોરી (૨)
કડકડીયો પાપડ મેં તો
જલાલપોરમાં દીઠો જો.
સાંકળા વ્યાજમાં ડોલે
હો છેલ પોરી (૨)
કડકડીયો પાપડ મે તો
જલાલપોરમાં દીઠો જો
સાડી વ્યાજમાં ડોલે
હો છેલ પોરી (૨)
કડકડીયો પાપડ મેં તો જલાલપોરમાં દીઠો જો.

૩૭૧

ભાંગેલા પુલ પર પ્રદર્શન થયેલું
પ્રદર્શન જોવા ગયેલા મોરા નાગજી.
બત્તી બળે, પંખો ફરે, મીલમાં વાગે
વાજાં મોરા નાગજી
ભાંગેલા પુલ પર પ્રદર્શન થયેલું
પ્રદર્શન જોવા ગયેલા મોરા નાગજી.

મા. દ.–મધુબહેન પટેલ

૩૭૨

આઠે દહાડે અટવાડો[1] ભરાય રે
પ્રેમલી ભાભી
તારી ને મારી નાનપણની માયા રે લોલ
લાવ્યો તો સાંકળાની જોડ રે (૨)
પ્રેમલી ભાભી
તારી ને મારી નાનપણની માયા રે લોલ
લાવ્યો તો પહેરવાના દેઈ રે (૨)
પ્રેમલી ભાભી
તારીને મારી નાનપણની માયારે લોલ
લાવ્યો તો એરિંગની જોડ રે
પ્રેમલી ભાભી
લાવ્યો તો પહેરવા ના દેઈ રે પ્રેમલી ભાભી
આઠે દાડે અટવાડો ભરાય રે, પ્રેમલી ભાભી
તારી ને મારી....

૧. હટવાડો.

૩૭૩

નદીકિનારે એક બગલી રે
કાંઈ તરવર[1] માછલી ખાય
ભીંગારી[2] માછલીનો કાંટો રે ભાંગ્યો ને
તળવળતો[3] જીવડો જાય.
નદીકિનારે એક બગલી રે
કાંઈ તરવર માછલી ખાય.
ભીંગારી માછલીનો કાંટો રે ભાંગ્યો ને
(જેમ તેમ) તળવળતો જીવડો જાય.
દરિયામાં વાઈ માછલી
દરમાં વાઈ ઘો
પાડાને માર્યો ભદ્દકો ને કાંઈ
પાડો ભડકતો જાય
વાણિયા ને બામણું જોવા
નીસરિયા એ શું જનાવર જાય,
નદીકિનારે એક બગલી રે
કાંઈ તરવર માછલી ખાય
ભીંગારી માછલીનો કાંટો જ ભાંગ્યો ને
તળવળતો જીવડો જાય
નદીકિનારે....

૧. અધીરાઈથી ૨. કાંટાવાળી માછલીની એક જાત ૩. પરાણે, મહામુશ્કેલીએ



૩૭૪

છોરી રે નાની સરખી
હતી મારા બાગમાં (૨)
છોરી રે સાંકળા લઈ આપું
મારા બાગમાં
છોરી રે સાડી લઈ આપું
મારા બાગમાં
છોરી રે નાની સરખી
હતી મારા બાગમાં (૨)

મા. દ.–કમુબહેન પટેલ

૩૭૫

ઓરે જોરે છપ્પન જોરે
સોપારીનો કટકો
જોરે પરણ્યાં કેવી દેખાય
માજમ[1]માં બેસયા,
ઓરે જોરે છપ્પન જોરે
સોપારીનો કટકો
જોરે પરણ્યાં કેવી દેખાય
મજમામાં બેસવા

૧. માયરામાં

૩૭૬

એ ખેતર ખેડયું તો ભલે ખેડયું
પણ પેલો રાફડો શા માટે ખેડયો
હું તડકાની માડી હું તડકાની માડી
હું રાફડામાં રહેતી રે લોલ
એ ખેતર ખેડયું તો ભલે ખેડયું
પણ મારો રાફડો શા માટે ખેડયો
હું તડકાની માડી હું રાફડામાં રહેતી રે લોલ
ખેતર ખેડયું તો ભલે ખેડયું
પણ પેલો રાફડો શા માટે ખેડયો
હું તડકાની માડી હું રાફડામાં રહેતી રે લોલ

૩૮૨

કોણ આવે રે કોણ આવે
લટકારીનાં આણે કોણ આવે
પહેલા આણે તો મારા સસરાજી આવ્યા,
સસરાજીની સાથે તો નહિ આવું
લટકારીના આણે કોણ આવે
બીજે આણે મારા જેઠજી આવ્યા
જેઠજીની સાથે તો કભી ના જાંઉં
લટકારીના આણે કોણ આવે
ત્રીજે આણે મારા દિયરજી આવ્યા
દિયરજી સાથે તો કદી ના જાઉં
લટકારીના આણે કોણ આવે
ચોથે આણે મારા પરણ્યાજી આવ્યા
પરણ્યાંની સાથે તો કોટ કુદીને જાઉં.
લટકારીના આણે કોણ આવે . . .

મા. દ. કમુબહેન પટેલ
**રમાબહેન અર્જુનભાઈ ચૌધરી**

### સગાઈ વખતે ગવાતાં ગીતો

૩૮૩

કમુબાઈ તું રમુ જે ફૂલવાડીમાં
તુણો[1] હહરો હેરું આવે એ ફૂલવાડીમાં
કમુબાઈ તું રમું જે આંગણુામાં
તુણી હાહુ હેરૂ આવે એ . . .આંગણુામાં
કમુબાઈ તું જાજે કુવે પાણી ભરૂ
તુણી નણંદ હેરૂ આવે એ. . . . કુવેથા

૧. તારો

૩૮૪

ગાયને છેણાઈ ગોરીને સોનાનો પાટ
સોનાના પાટે મીનાક્ષી બાઈ બેઠી
બેસારે કંકુનો ચાંદલો ચોડાવજો રે
ચાંદલો ચોડાવીને રૂપાના પૈસા આપજા
હાથમાં પૈસા આપીને ગળામાં હાર નાખજા
ખોબો ભરાવેલી વોર આજથી તુમણી



### દહેજ વખતે ગવાતાં ગીતો

૩૮૫

ચઢતે પોરે બિયાના કોધાં ઉતરતે પોરે લેરા હરિયા (૨)
શંકરવેવાઈએ દિકરો વેચું કાઢયો તે કુણીહોના લેરે . . .હરિ.
ભરીસભામાં મકનબાપો બોલે હું જ વેચાતો લેરા . . .હરિયા
શંકરવેવાઈએ છોડયા કોથળીના બંધ કાઢી રૂપિયાની જોડ
તેતો કળશીયામાં નાખ્યા . . .હરિયા
ચઢતે પોર બિયાના કોધાં ઉતરતે પોરે લેરા હરિયા (૨)

૩૮૬

વેવાઈ ડેતે મુજપુરથી આવનેરા મુજપુરથી આવનેરા
મકનવેવાઈએ દિકરીહ વેચીને પૈસા લેધારા (૨)
વેવાણીહસે મુજપુરથા આવનીરા મુજપુરથી આવની
મન્છી વેવાણીએ દિકરીહ વેચીને કરાજ ભયરા રા (૨)

### સગાઈ થયા પછી રાત્રે ગવાતાં ગીતો

૩૮૭

બાઈના પીળા ચોખા મામાએ તા ગુઆ[1]
મામા મોરા વેલ જોડી વેલે બેસી વલેરા આવજે રે મામા
બાઈના પીળા ચોખા માહીએ તા ગુઆ
માહા મોરા વેલ જોડી બેસેબેસી વેલેરા આવજે માહા
બાઈના કંકુચોખા સાસરામાં ગુઆ
પણિયાત મોરા વિમાન ચઢી વિમાન બેસી વેલેરા આવજો.

૧. ગયા

૩૮૮

મેં તુમા પૂછેં મકનબાપા રા[1]
રાજકુંવરીઆ વેવા કાં જોયડા[2]
જોયડા જોયડા મુજપુર ગાવામાં[3]
રાજકુંવરીઆ વેવા તાં જોયડા
મેં તૂમાં પૂછેં ધ્રચ્છા માડીએ
રાજકુંવરીઆ વેવા કાં જોયડા
બારણામાં કુવો ધરમાં ટાંકી
રાજકુંવરીઆ વેવા તાં જોયડા

૧. ને ૨. જોઠયા ૩. ગામમાં.

### ૩૮૯

સવિતાબાઈ માડીએ પૂછે બાપો કાં ગુઓ[1]
દિશે બાપો લગન જોડેવા ગયો રે
સાંજે રે બાપો ઘરે આવે
સવિતાબાઈ ભોજાયએ પૂછે વીરો કાં ગુઓ
દિશે વીરો લગન લેવા ગયો રે
સાંજે રે વીરો ઘરે આવે
સવિતાબાઈ બેનીએ પૂછે બનેવી કા ગુઓ
દિશે બનેવી ઘર હેરું ગુવો એ
સાંજે રે બનેવી ઘરે આવે.

૧. ગયો.

## પરોઢિયે ગવાતાં ગીતો

### ૩૯૦

ઉંડે ઉંડે રાનમાતે કવચડી બોલેએ કવચડી બોલે
ભાઈ તૂણો બાપો તે મધરાતનો બોલેએ મધરાતનો બોલે
મધરાતે બોલે તે જામો ઓરી લાવે એ જામો ઓરી લાવે
છોરી તારો બાપો તે પરગાડે બોલેએ પરગાઢે બોલે
પરગાડે બોલે તો ઝીંઝવો ઢોળે એ ઝીંઝવો ઢોળે

### ૩૯૧

સવારે ઢેંચૂડિયો ઢેંચુ ઢેંચુ કરે
ઢેંચૂડિયો બોલેને બધા ઊઠે
સવારે કાગડો કાકા કાકા કરે
કા કા કા કા કરે ને વેવાણીએ જાગાડે
સવારે કુકડો બોલેને બધાં જાગાડે

### ૩૯૨

બેની બાપાચા રાજ ઈ તે તૂણાં[1] રાજ
સવારે ઊઠજે બેની બાપાએ રાજમાં
મળશકે ઉઠશે બેની તૂણે સસરાના રાજમાં
પરોઢિયે ઉઠશે બેની માડીના રાજમાં
મળશકે જાગજે બેની સાસુના રાજમાં

૧. તારાં



### ૩૯૩

સવારે ઉઠે બેની હસતી રમતી ઉઠજે
બાપા બોલાવે તો જી કરી બોલજે
સવારે સસરા બોલાવે તો ઓય કરી બોલજે
સવારે ઉઠે તો બેની હસતી રમતી ઉઠજે
માડી બોલાવે તો જી કરી બોલજે
સવારે સાસુ ઉઠાડે તો ઓય કરી બોલજે
સવારે ઉઠે બેની હસતી રમતી ઉઠજે

### ૩૯૪

વેલેરી ઉઠજે બેની વેલેરી ઉઠજે
વેલેરી ઉઠી બેની ધમ ધમ ખાડણિયાં ખાંડજે
ખાંડણિયેથી ઊઠી બેની ઘંટીએ બેસજે
દળણાં દળી બેની ખેતરામાં જાજે
વેલેરી ઉઠજે બેની વેલેરી ઉઠજે

## પીઠી ચોળતી વખતનાં ગીત

### ૩૯૫

ઓ રંગ માણો કેણા શેરમાં વેચાય એ રંગ
રંગ માણો મોઘેરો. . . .
ઓ રંગ માણો વલસાડ શેરમાં વેચાય એ રંગ
રંગ માણો મોઘેરો. . . .
ઓ રંગ માણો પાવલે પાંચશેર વેચાય એ રંગ
રંગ માણો મોઘેરો. . . .
ઓ રંગ માણો કૈલાસબાઈએ ચઢે એ રંગ
રંગ માણો મોઘેરો. . . .
એ રંગથી માણી કૈલાસબાઈ રૂપાળી દેખાએ રંગ
રંગ માણો મોઘેરો. . . .

૩૯૬

માણી ઉમાબાઈએ બેઠી નિશાણુ કોધીરા
વાઘરા નાશરા વાઘ તૂવાં મારી
વાલોચ્યા ધોયપા વાઘરા નાશરા વાઘ તૂવા મારી
માણી મણિબાઈએ બેઠી નિશાન કોધીરા
વાઘરા નાશરા વાઘ તૂવાં મારી
ડમરાએ લપાયનો વાઘરા નાશરા વાઘ તૂવાં મારી
બાવળે કુદાવ્યો વાઘરા નાશરા વાઘ તૂવાં મારી
માણી ઉમાબાઈએ બેઠી નિશાણુ કોધીરા
વાઘરા નાશરા વાઘ તૂવાં મારી

૩૯૭

બાઈની પીઠી તે ઊભી ચઢાવી
બાઈની માડી વી તે આવારા
બાઈનો બાપો વી તે આવારા
બાઈનાં તેલો તો ઊભલે ચઢાવ્યા
બાઈના ભાઈ વીતે આવારા
બાઈની ભોજાઈ વીતે આવારા

૩૯૮

નાનકા બરીકાંમા નાંખ
ભાઈ રે ભરેલાં
જોહાં બરીકાં ગબડે
તોહો નાનક ગબડે ભાઈ રે ભરેલાં
રમેશા બરીકાંમાં નાખ
ભાઈ રે ભરેલાં
ઉપાર ડાચાલો માર
ભાઈ રે ભરેલાં
જોહાં બરીકાં ગબડે
તોહો રમેશ બબડે ભાઈ રે ભરેલાં
લલિતાએ બરીકાંમાં નાંખ
ભાઈ રે ભરેલાં
ઉપાર ડાચાલો માર ભાઈ રે ભરેલાં



## જાન નીકળતી વખતનાં ગીતો

૩૯૯

સતિષભાઈ તૂણી જાનમાં કુણુ કુણુ આવે (૨)
સતિષભાઈ તૂણી જાનમાં બાપો – માડી આવે
સતિષભાઈની જાન વિમાને ચાલની ચાલની
વિમાને ચઠી ભાઈનો હરખ ન માય (૨)
સતિષભાઈ તૂણી જાનમાં ભાઈ – ભોજાઈ આવે
સતિષભાઈની જાન ટેકસીમાં ચાલની ચાલની
ટેકસી બેસી ભાઈનો હરખ ન માય (૨)

૪૦૦

આગાળ કુણુ ભાઈ ચાલે લાલકીમજીરા
આગાળ રામુભાઈ ચાલે લાલકીમજીરા
રામુભાઈના કેડે ઈ ધોતી તે અલઝલ થાય....
પાછાળ ફુલ બાઈ ચાલે લાલકીમજીરા
પાછાળ જયાબાઈ ચાલે લાલકીમજીરા
જયાબાઈની કેડેઈ હાડી તે અલઝલ થાય....

૪૦૧

ભાઈ તૂણો ધોળો ધોઢો રા પીળો ચાબકો
ભાઈની જાનીમાં કુણુ કુણુ આવે....ભાઈ....
ભાઈની તૂણી જાનીમાં બાપો આવે....ભાઈ....
ભાઈ તૂણો ધોળો ધોડોરા પીળો ચાબકો
ભાઈની જાનીમાં કુણુ કુણુ આવે....આવે....
ભાઈની જાનીમાં માડી આવે....ભાઈ....

૪૦૨

કેણુભાઈને હારુ મેતે મોટર માગવેલી
મગનભાઈને હારુ મેતે મોટર માગવેલી
મોટરમાં બહી પરણુ જાય રે મગનભાઈ
મગનભાઈને હારુ મેતે વિમાન માગવેલા
વિમાનમાં બહી પરણું જાય રે મગનભાઈ
મગનભાઈને હારુ મેતે ગાડી માગવેલી
ગાડીમાં બહી પરણું જાય રે મગનભાઈ

## સ્નાન કરાવતી વેળાનાં ગીતો

૪૦૩

ઊનાળાયા ઊના તાઢા પાણીએ
કમુબાઈ એક મેરે બેસીને નાજે
સસરાઈ લાજ નખે રાખતીએ
કમુબાઈ એક મેરે બેસીને નાજે
જેઠાહી લાજ નખે રાખતીએ
કમુબાઈ એક મેરે બેસીને નાજે
દેરાહુની લાજ નખે રાખતીએ
કમુબાઈ એક મેરે બેસીને નાજે
ઊનાળાયા ઊના તાડા પાણીએ
કમુબાઈ એક મેરે બેસીતે નાજે

૪૦૪

તાપીયા તાતાઓ પાણી રે (૨)
એ પાણીએ મીનાબાઈએ નવઢાવાએ
ઘણી પાછાળ કાંદાઈ વાડીએ
માણી મીનાબાઈ તે જોઈ તે આવે એ
થોડીઘણી બાપાઈ માયા રે
એથી વધારે માડીઈ માયા રે
તાપીયા તાતાઓ પાણી રે
એ પાણીએ મીનાબાઈએ નવઢાવાએ. . . .

૪૦૫

બગલીયો ગોવાળિયો કુણ કુણ થાય (૨)
બગલીયો ગોવાળિયો નગીન થાય (૨)
બગલી તે સોને ભરેલી જાય (૨)
બગલી તે રૂપે ભરેલી જાય
બગલિયો ગોવાળિયો કુણ કુણ થાય
બગલિયો ગોવાળિયો કનુ થાય
બગલી ચાંદીએ ભરેલી જાય
બગલી રૂપે મઢેલી જાય. . . .



## લગ્નમંડપમાં ગવાતાં ચોરી વખતનાં ગીતો

૪૦૬

આગાળ ચાલે માણો કેણો ભાઈ
પાછાળ ડમણા ડોલેરા
આગાળ ચાલે માણો રમેશભાઈ
પાછાળ ડમણા ડોલેરા
આગાળ ચાલે માણો રમેશભાઈ
પાછાળ છોરી દોડેરા
આગાળ ચાલે માણો રમેશભાઈ
પાછાળ વાંદરી દોડેરા

૪૦૭

ઉતાવળ કરાએ નવલી વેવાલી કે આમા
કાળી રાતને બૈરાઈ જાતકા આમાં
ઉતાવળ કરારા નવલા વેવાઈકા આમા
કાટાળી વાટને બૈરાઈ જાતકા આમા
ઉતાવળ કરાએ કેણી વેવાણીકા આમા

## વેવાઈને વળાવતી વખતનાં ગીતો

૪૦૮

વાવણીઓ વરહાદ તે રીમઝીમ કરે એ રીમઝીમ કરે
નવલો વેવાઈ તો રવ રવ કરે એ રવ રવ કરે
આજના ખાઈને કાલ જાવં કરે એ કાલ જાવં કરે.
વાવણીઓ વરહાદ તે રીમઝીમ કરે એ રીમઝીમ કરે
નવલી વેવાણી તે રવ રવ કરે એ રવ રવ કરે.
આજના ખાઈને કાલ જાવં કરે એ કાલ જાવં કરે.

૪૦૯

બાંડી ભુવારી મેલા જુવારી જાયા તુમારે દેશ
વેવાઈ આવાય તે આવજે આમારા દેશ
બાંડી ભુવારી મેલા જુવારી જાયા તુમારે દેશ
વેવાણી તુવાં જાતી કરું તુમારે દેશ
બાંડી ભુવારી મેલા જુવારી જાયા તુમારે દેશ

૪૧૦

વાટેમાનો આંબો લટૂરિયો આંબાઈડાળતે લવીલવી જાય
ઓહો વેવાઈ છાકટો હાથામાં ઘડિયાળ નીગી નીગી જાય
વાટેમાનો આંબો લટૂરિયો આંબાઈ ડાળતે લવી લવી જાય
ઓહી વેવાણી છાકટી પાગામાના ડોસા નીગી નીગી જાય
વાટેમાનો આંબો લટૂરિયો આંબાઈ ડાળતે લવી લવી જાય

૪૧૧

ચીચાઈ ગાવાંમાં મેંદી મોટા ઝાડરા મેંદી રંગ લાગે
ચીચાઈ ગાવામાં ના પોષુ જોબન જોસમારે....મેંદી
મુજપર ગાવાંમાં મેંદી નાને ઝાડેરા મેંદી રંગ લાગે
મુજપુર ગાવાંમાં ના પોહા ઢીલાઢસરા....મેંદી
ચીચાઈ ગાવામાં ને પોહીયા ધમ ધમ ચાલેરા....મેંદી
મુજપુર ગાવા મા ને પોહીયા દલાયલે એ....મેંદી

૪૧૨

તાડીયા ઈ તાડી ખજૂરીયા ઈ ભીતરા ધૂમધૂમિયાં
ઈમી તે જીતુભાઈ આપણી કવાય રા ધૂમધૂમિયાં
નાશી જાય તે છોટી મારી લાયજેરા....ધૂમિયા
તાડીયા ઈ તાડી ખજૂરીયા ઈ ભીતરા ધૂમધૂમિયા
ઈમી તે જીતુભાઈ આપભી કવાયરા....ધૂમ....
બાહી પડે તે લાત મારી લારજેરા....ધૂમ....

—કંચનબહેન બાબુભાઈ પટેલ

સગાઈ કરે ત્યારે ગવાતું ગીત

૪૧૩

વીરાના બાપાને ગમસે તો વેવાર કરશું રે
વીરાનાં માતાને ગમસે તો વેવાર કરશું રે



નવરીના ઘરે ચાંદલો નાંખે ત્યારે ગવાતાં ગીતો

૪૧૪

આવો આવો બેસો ને બેની પાટલે
તમારા ચાંદલો ભરેલો જુએ વાટ
બેસો ને બેની પાટલે
આવો આવો બેસો ને બેની પાટલે

૪૧૫

સુરત શહેરનો ડાબળો
ડાબળીયા ડોલો
હાં હોવે ડાબળીયા ડોલો
ચાંદલો પહેરું તો પહેરું
પિયર શોભે હાં હોશે પિયરીયા શોભે
સુરત શહેરના ડાબળો ડાબળીયા ડોલો
હાં હોવે ડાબળીયા ડોલો

ચાંદલો નાંખી આવ્યા પછી નવરીના ઘરે સાંજે ગવાતાં ગીતો

૪૧૬

રૂપિયા નાંયખા છે, સવાત્રીસ
સોના ગેડીયે રૂપિયા
ભાઈ આપણા પિતાએ આપ્યા છે. સવાત્રીસ
સોના ગેડીયે રૂપિયા
છોરી તારા પિતાએ લીધા છે. સવાત્રીસ
સોના ગેડીયે રૂપિયા......રૂપિયા નાંયખા
ભાઈ આપણા માતાએ આપ્યા છે – સવાત્રીસ
સોના ગેડીયે રૂપિયા
છોરી તારા માતાએ લીધા છે. સવાત્રીસ
સોના ગેડીએ રૂપિયા......રૂપિયા નાંયખા
ભાઈ આપણા ભાઈએ આપ્યા છે. સવાત્રીસ
સોના ગેડીયે રૂપિયા
છોરી તારા ભાઈએ લીધા છે. સવાત્રીસ
સોના ગેડીયે રૂપિયા......રૂપિયા નાંયખા

(આ પ્રમાણે સગાંસંબંધીઓનાં નામ લઈ વારંવાર ગવાય.)

૪૧૭

કયાં રે વસે તુળસી ને કયાં રે વસે રામ
કયારે વસે મારા શ્રી ભગવાન બોલો તે
ભાઈ તમે રામનું નામ

ચોકમાં વસે તુળસી ને ઘરમાં વસે રામ
ગોકુળમાં વસે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

સોના દાતણુ તુળસીને સોના દાતણુ રામ
સોના દાતણુ રે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

બાવળ દાતણુ તુળસી ને બાવળ દાતણુ રામ
દાતણુ રે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

સોના નાહવણુ તુળસીને સોના નાહવણુ રામ
સોના નાહવણુ રે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

પાણી નાહવણુ તુળસી ને દૂધે નાહવણુ રામ
દહીં નાહવણુ રે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

શું રે જમે તુળસીને શું રે જમે રામ
શું રે જમે રે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

દૂધ જમે તુળસીને દહીં જમે રામ
માખણ જમે રે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

શું રે પહેરે તુળસી ને શું રે પહેરે રામ
શું રે પહેરે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

હાર પહેરે તુળસી ને માળા પહેરે રામ
મુગટ પહેરે રે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ

કયાં રે વસે તુળસી ને કયારે વસે રામ
કયારે વસે મારા શ્રી ભગવાન બોલોતે
ભાઈ તમે રામનું નામ



## ચાંદલાના દિવસે નવરીના ઘરે સાંજે ગવાતું ગીત

૪૧૮

ટુંકા તો પાનની આંબલી રે લાંબા તો
પાનની કેળ રે બગલા દેવ
તુળસીના પાને પધારજો રે
ટુંકા જો પાનની આંબલી રે
લાંબા તો પાનની કેળ રે હનુમાન દેવ
તુળસીના પાને પધારજો રે
ટુંકા તો પાનની આંબલી રે
લાંબા તો પાનની કેળ રે ભવાની દેવ
તુળસીના પાને પધારજો રે
ટુંકા તો પાન ની આંબલી રે

## નવરાના ઘરે ચાંદલો નાંખે ત્યારે ગવાતું ગીત

૪૧૯

દરિયામાં વાવી છે જળ રે ઝાંઝરીયા
જળ વણવા કોય ના જાય રે ઝાંઝરીયા
જાય મારા બેની એકલા રે ઝાંઝરીયા
આપી છે આપી છે પિતાને હાથ રે ઝાંઝરીયા
પિતાએ તો માંડયા છે રુસ રે ઝાંઝરીયા
હવે ના આપીએ પિતાને હાથ રે ઝાંઝરીયા – દરિયા.
જળ વણવા કોય ના જાય રે ઝાંઝરિયા
જાય મારા બેની એકલા રે ઝાંઝરીયા
વણી છે. વણી છે. બે ચાર કળી રે ઝાંઝરીયા
આપી છે. આપી છે. માતાના હાથ રે ઝાંઝરીયા
માતાએ તો માંડયા છે. રુસ રે ઝાંઝરીયા
હવે ના આપીએ માતાના હાથ રે ઝાંઝરીયા – દરિયા.

## કપડાં લીધાં હોય ત્યારે નવરા-નવરીના ઘરે સાંજે ગવાતું ગીત

૪૨૦

કાંકરા વણી વણી સડક બંધાવ કયાં રેય
ને ગયેલા હો રામ કયાં રેયને ગેયલા
છીપણ પૂછે છીપો કયાં રેયને ગેયલા
હો રામ કયાં રેયને ગેયલા
દેસાઈ લોકનો છોકરો પરણે પેન્ટ વેચેવા
ગેયલા હો રામ પેન્ટ વેચેવા ગેયલા
કાંકરા વણી વણી સડક બંધાવ કયાં રેય
ને ગેયલા હો રામ કયાં રેયને ગેયલા
દરજણ પૂછે દરજી કયાં રેયને ગેયલા
હો રામ કયાં રેયને ગેયલા
દેસાઈ લોકની છોકરી પરણે કબજા
સીવવા ગયેલા હો રામ કબજા સીવવા ગેયલા
કાંકરા વણી વણી સડક બંધાવ કયાં રેય
ને ગયેલા હો રામ કયાં રેયને ગેગલા
સોનણ પૂછે સોની કયાંરેયને ગેયલા હો
રામ કયાં રેયને ગેયલા
દેસાઈ લોકની છોકરી પરણે ઝાંઝર વેચવા
ગેયલા હો રામ ઝાંઝર વેચવા ગેયલા
કાંકરા વણી વણી......
મોચણ પૂછે મોચી કયાં રેયને ગેયલા હો
રામ કયાં રેયને ગેયલા
દેસાઈ લોકનો છોકરો પરણે બૂટ વેચવા
ગેયલા હો રામ બૂટ વેચવા ગેયલા
કાંકરા વણી વણી

## નવરીના ઘરે લગ્ન લઈને આવે ત્યારે ગવાતું ગીત

૪૨૧

આયવારે આયવા મારે આરે લગન આયવા
ચોયટારે ચોયટા મારે ભીંતે લગન ચોયટા
(આ પ્રમાણે ફરી ફરીને ગાવું)



## કંકોત્રી છપાવે ત્યારે ગવાતું ગીત

૪૨૨

કંકુ છાંટી કંકોત્રી મોકલી
મેં તો મોકલી મારા મામા દરબાર રે
મામા રે વહેલા આવજો...કંકુછાંટી
મેં તો મોકલી મારી મામી દરબાર રે
મામી રે વહેલા આવજો...કંકુછાંટી
મેં તો મોકલી મારી કાકા દરબાર રે
કાકા રે વહેલા આવજો...કંકુછાંટી
મેં તો મોકલી મારી કાકી દરબાર રે
કાકી રે વહેલા આવજો...કંકુછાંટી
મેં તો મોકલી મારા માસી દરબાર રે
માસી રે વહેલા આવજો...કંકુછાંટી
મેં તો મોકલી મારા માસા દરબાર રે
માસા રે વહેલા આવજો...કંકુછાંટી
મેં તો મોકલી મારી ભાઈ દરબાર રે
ભાઈ રે વહેલા આવજો...કંકુછાંટી
મેં તો મોકલી મારી ભાભી દરબાર રે
ભાભી રે વહેલા આવજો...કંકુછાંટી

## સગાંસંબંધીઓને લગ્નના આમંત્રણમાં

૪૨૩

કોરા કાગળ મંગાવો કંકોતરી છપાવો
વેવાય સમજાવો વેવણને
સોનાનો ચાંદલો માગ્યો કંકુનો ચાંદલો લાવ્યા
ભાઈનું મન ઝાંખું
વેવાય સમજાવો વેવણને
સોનાનો હાર માગ્યો ફૂલડાનો હાર લાવ્યા
બેનીનું મન ઝાંખું
વેવાય સમજાવો વેવણને

## પીઠી ચોળી દીધા પછી રીત કરે ત્યારે ગવાતાં ગીતો

૪૩૧

કુંભાર વાળે ગયેલી રે સવિતા [૨]
ખાડું કાઢિયું લાવેલી રે સવિતા [૨]
તેમાં દિવડો પૂરીયો રે સવિતા [૨]

## પીઠી લગાવીને બહાર નીકળે ત્યારે ગવાતાં ગીતો

૪૩૨

હાથમાં થાળી થાળીમાં દિવડો રૂમઝૂમ
કરતાં નીસરિયા રે
નવિન ભાઈનો પેન્ટ ભરતે ભરેલો
રૂમઝૂમ કરતાં નીસરિયા રે

૪૩૩

ઊંચી વડલાની ડાળ રે ફુલડાં ગળી ગયા રે
ભાભી ચાલે તો ચાલું રે ફુલડાં ગળી ગયા રે
ઊંચી વડલાની ડાળ રે ફુલડાં ગળી ગયાં રે

## માંડવાના દિવસે ગવાતાં ગીતો

૪૩૪

ઘાસો ના ખાય રે ઘોડી [૨]
પાણી ના પીયે રે ઘોડી [૨]
[ફરી ફરી ગાવું]

૪૩૫

સુરત શહેરથી બ્રાહ્મણ બોલાવો
બ્રાહ્મણ બોલાવો આજ હો ભાઈ
બ્રાહ્મણ બોલાવીને માટી ખોદાવો
માટી ખોદાવો આજ હો ભાઈ
માટી ખોદાવીને ચોરી થપાવો
ચોરી થપાવો આજ હો ભાઈ
ચોરી થપાવી ને ભાઈ ને બેસો
ભાઈ ને બેસો આજ ભાઈ
સુરત શહેરથી બ્રાહ્મણ બોલાવો
બ્રાહ્મણ બોલાવો આજ ભાઈ



## તોરણ નચાડે તે વખતે ગવાતાં ગીતો

૪૩૬

સવિતા કહે હું જ મોટી
લીલા કહે હું જ મોટી
કોરા ભમરા રે

૪૩૭

ભાઈ તોરણીયા કેમ આપ્યા [૨]
ભાઈ પૈસા તોરણ આપ્યા [૨]
[ફરી ફરી ગાવું]

## નવરાને નાહવા બેસાડે ત્યારે ગવાતાં ગીતો

૪૩૮

તાપીમાં ના ઉના તાળા પાણી રે
રમેશભાઈ એક મેરે બેસીને નાજો રે
સાસરિયામાં સસરા જુએ સાસુની
લાજ ના રાખો રમેશભાઈ......
તાપીમાંના ઉના તાળા પાણી રે...રમેશભાઈ
સાસરીયા સાળા જુએ સાળીની
લાજ ના રાખો રમેશભાઈ
તાપીમાંના ઉના તાળા પાણી રે...રમેશભાઈ

૪૩૯

તળબૂચે તાતાયવા પાણી રે તે પાણીએ
નવડાવ્યા ભાઈને
અંગરાણી કોના ના હાથ લાડકલાને
અંગરાણી
અંગરાણી ભાભી ને હાથ લાડકલાને અંગરાણી
તળબૂચે તાતાયવા પાણી રે
તે પાણીએ નવડાવ્યા ભાઈને

૪૪૦

તાપીએ કાં નાહવા ગેલા મારા ભાઈ [૨]
લોટો કાં ભુલી આવ્યો રે મારા ભાઈ [૨] તાપી
સાબુ કાં ભુલી આવ્યો રે મારા ભાઈ [૨] તાપી

### કપડાં પહેરાવે તે વખતે ગવાતું ગીત

૪૪૧

કોરા પહેરો કોરા પહેરો પહેરો રે રમેશભાઈ
પિતાના મુખ કરમાઈ જાય રે રમેશભાઈ
કોરા પહેરો કોરા પહેરો પહેરો રે રમેશભાઈ
માતાના મુખ કરમાઈ જાય રે રમેશભાઈ
કોરા પહેરો કોરા પહેરો પહેરો રે રમેશભાઈ
ભાઈના મુખ કરમાઈ જાય રે રમેશભાઈ
કોરા પહેરો કોરા પહેરો પહેરો રે રમેશભાઈ
ભાભીના મુખ કરમાઈ જાય રે રમેશભાઈ
[નવરાપક્ષનાં અન્ય સગાંનાં નામ લઇ ફરી ફરી ગાવું]

### જાન લઈને નીકળે ત્યારે ગવાતાં ગીત

૪૪૨

હો દૂર જાતા ભાઈ [૨]
હમ ને ન ભુલ જાના [૨]
પિતાની વાડી લીલી સુકી બનાવી ચાલ્યા [૨]
સસરાની વાડી લીલી બનાવા ચાલ્યા [૨]
હો દૂર જાતા ભાઈ [૨]
હમ ને ન ભુલ જાના [૨]
માતાની વાડી લીલી સુકી બનાવી ચાલ્યા [૨]
સાસુની વાડી સુકી લીલી બનાવી ચાલ્યા [૨]
હો દૂર જાતા ભાઈ [૨]
હમને ન ભુલ જાના [૨]
[ફરી ફરી ગાવું]



૪૪૩

સુરત ને રોડે જાવા ના હો ભાઈ [૨]
સસરો ને સંગે જવાના હો ભાઈ [૨]
સુરત ને રોડે જવાના હો ભાઈ [૨]
સાસુ ને સંગે જવાના હો ભાઈ [૨]
[ફરી ફરી ગાવું]

૪૪૪

રમેશભાઈ જલદી તૈયાર થાવો તમારે જાઉં
સાસરીયે
તમારા પિતાની આજ્ઞા લઈશ તમારાં માતાને
વંદન કરીને તમારે જાઉં સાસરીયે
રમેશભાઈ જલદી તૈયાર થાવો....
તમારા ભાઈની આજ્ઞા લઈશ તમારા ભાભીને
વંદન કરીને તમારે જાઉં સાસરીયે
રમેશભાઈ જલદી તૈયાર થાવો....
તમારા બેનીની આજ્ઞા લઈશ તમારા બનેવીને
વંદન કરીને જાવું તમારે જાઉ સાસરીયે
રમેશભાઈ જલદી તૈયાર થાઓ....
તમારા કાકાની આજ્ઞા લઈશ તમારા કાકીને
વંદન કરીને તમારે જાઉ સાસરીયે
રમેશભાઈ જલદી તૈયાર થાવો તમારે જાઉં સાસરીયે

### જાન જતી વખતે

૪૪૫

દૂર દૂર દેશ જવાના રે ઓ ઝવેરભાઈ
દૂર દૂર દેશ શેમા બેસી જવાના રે
ઓ ઝવેરભાઈ
દૂર દૂર કોણુ કોણુ આવશે રે....
ઓ ઝવેરભાઈ
માતા આવશે રે ઓ ઝવેરભાઈ
પિતા આવશે રે હો ઝવેરભાઈ
[કાકા-કાકી, મામા-મામી, ભાઈ-ભાભી વગેરેનાં નામ લઇને ફરી ફરીને ગાવું]

૪૫૩

સોળ વરસના કિધા ત્યાર પર ઘર સોંપી દીધાં
મારી બેની સાસરીયામાં સુખી માનજે
સાસુને માતા ગણજે તમારા સસરાને પિતા ગણજે
સોળ......
જેઠને ભાઈ ગણજે તમારા જેઠાણીને ભાભી ગણજે
સોળ વરસ......
નણંદને બેની ગણજે
તમારા નણદોઈને બનેવી ગણજે
મારા બેની સાસરિયામાં સુખી માનજે

### નવરીને લઈને પાછા વળતી વખતે

૪૫૪

છોરી કેદાળનું પરણું પરણું કરતી હતી
છોરી શું કામ રડતી હતી
તારા બાપાને પૈસા ભાવતા હતા
છોરી શું કામ રડતી તી
તારા માતાને પૈસા ભાવતા હતા
છોરી શું કામ રડતી તી
[ભાઈ-ભાભી, મામા-મામીનાં નામ લઈ વાળી-વાળી ગાવું]

### વળાવતી વખતે ગવાતાં ગીતો

૪૫૫

તને સાચવે સીતા માતા અખંડ સૌભાગ્યવતી
તને સાચવે પારવતી અખંડ સૌભાગ્યવતી
તને સાચવે તારા પતિ અખંડ સૌભાગ્યવતી
તારા પતિનો પડછાયો થઈ
રહેજે સદાઈએ સાથે [૨]



૪૫૬

માતા ના બારણે હસી પ્રેમેલું પંખી
સાસરિયે જઈને હવે કુળને
દીપાવજો
આગળ જુઓ તો બેનના માતા ઊભેલા
પાછળ જુઓ તો બેનના સાસુ ઊભેલા
માતાની માયા હવે છોડ રે સદ્દગુણી
બાળા સાસરિયે જઈને......
આગળ જુઓ તો બેનના પિતા ઊભેલા
પાછળ જુઓ તો બેનના સસરા ઊભેલા
પિતાની માયા હવે છોડરે સદ્દગુણી
બાળા સાસરિયે જઈને......
આગળ જુઓ તો બેનના ભાઈ ઊભેલા
પાછળ જુઓ તો બેનના જેઠ ઊભેલા
ભાઈની માયા હવે છોડ રે સદ્દગુણી
બાળા સાસરિયે જઈને હવે
કુળને દીપાવજો
[સંબંધિત વિવિધ સગાંનો નિર્દેશ કરી વાળી વાળી ગવાય]

### પરોઢિયું ગીત

૪૫૭

મધ બેઠું રે પેલા આંબલીયા ડાળે કે
મધડાં રે રરિ રીયાં
મધ ઉડાડે રે પેલા બેનીના પિતા કે
મધડાં......
મધ ચાખે રે બેનીના પિતા કે
મધડાં રે
હોઠ ચાટે રે પેલા છોરાના પિતા કે
મધડાં રે......
મધ ઉડાડે રે પેલાં બેનીનાં માતા કે
મધડાં રે......
મધ ચાખે રે પેલાં બેનીનાં માતા કે
મધડાં રે......
હોઠ ચાટે રે પેલા છોરાની માતા કે
મધડાં રે......

[મામા-મામી, કાકા-કાકી, માસા-માસી, ભાઈ-ભાભી વગેરેનો નિર્દેશ કરીને ફરી ફરી ગાવું.]

૪૫૮

હીરલા દોરી બાંધી વડલા હેઠ રે
જશોદા ઝુલાવે હરીનાં પારણું
માતાએ તો આપ્યા આશીર્વાદ રે........જશોદા
સાસુએ તો આપ્યા કડવા બોલ રે......જશોદા
હીરલા દોરી બાંધી વડલા હેઠ રે
પિતાએ તો આપ્યા આશીર્વાદ રે......જશોદા
સસરાએ તો આપ્યા કડવા બોલ રે
હીરલા દોરી......
ભાઈએ તો આપ્યા આશીર્વાદ રે......જશોદા
જેઠે તો આપ્યા કડવા બોલ રે......જશોદા
હીરલા દોરી......

[અન્ય સંબંધિત સગાંનો નિર્દેશ કરી વાળી વાળી ગવાય]

## શુદ્ધિ પત્રક

| પાન ક્રમાંક | ગીત અથવા ફકરા ક્રમાંક | ફકરા અથવા ગીતનો લીટી ક્રમાંક | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૭ | ૫ | ૩ | પરસામાં | પરસાળમાં |
| ૭ | ૫ | ૪ | લહાર | ફૂલહાર |
| ૭ | ૫ | ૧૧ | વર અને કન્યાના ઘરે | નવરા અને નવરીના ઘરે |
| ૭ | ૭ | ૧ | વિધ | વિધિ |
| ૮ | ૨ | ૪ | વડિલ | વડીલ |
| ૯ | ૨ | ૧ | ઘણાખરા | ઘણાંખરાં |
| ૯ | ૬ | ૨ | લગાડત | લગાડતાં |
| ૧૦ | ૨ | ૨ | ઝરીયાં | ઝેરિયાં/લેરિયાં |
| ૧૦ | ૨ | ૨ | ઝરીયાં | ઝરિયાં/લેરિયાં |
| ૧૫ | ૩ | ૫ | ભરતો | ભરતાં |
| ૧૮ | ૩ | ૧ | ગુજરાતનો | ગુજરાતના |
| ૧૮ | ૩ | ૧૪ | શોધનમાં | સંશોધનમાં |
| ૨૨ | | ૨૪ | આક | આંક |
| ૨૪ | | ૮ | નાયક. | નાયક, |
| ૨૮ | – | ૧૪ | ૨૦૨ | ૨૦૨, |
| ૨૯ | – | ૧૧ | [૩૩૫] | [૩૩૫], |
| ૩૨ | – | ૭–૮ | (સાંમળેજીનૂગ ગરાહજ્જ | (ત્સાંમળેજીન્ ગરાહજ્જા |
| ૧ | ૧ | ૨ | ગવાતાં જેતે | ગવાતાં, મોટા ભાગનાં જેતે |
| ૧ | ૧ | ૩ | સંશોધકે | સંશોધકોએ |
| ૧ | ૧ | ૪ | સંપાદકો | સંપાદક |
| ૨ | ૪ | ૧ | બાલાયે | બાપાયે |
| ૨ | ૫ | ૩ | બાલો | બાપો |
| ૪ | ૧૧ | ૫,૬ | આયલીએ | આયડીએ |
| ૪ | ૧૨ | ૧,૨ | બાહો | બાપો |
| ૪ | ૧૨ | ૫ | દળીંગ | દડીંગ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૨૨ | ૪,૭ | વજડાવી | વગડાવી |
| ૮ | ૨૬ | પાદનોંધ | ચામડાંનો | ચામડાનો |
| ૯ | ૨૭ | ૨,૫ | બાવા | બાપા |
| ૧૧ | ૩૬ | પાદનોંધ | ૨. પણ | ૪. પણ |
| ૧૧ | ૩૭ | ૭ | ભાપાયે | ભાયાયે |
| ૧૩ | ૪૩ | પાદનોંધ | નાગરવેલી | નાગરવેલ |
| ૧૪ | ૪૫ | ૨ | ભાપાયો | ભાયાયો |
| ૧૪ | ૪૬ | ૩ | તેયાર | તેવાર |
| ૧૬ | ૫૨ | શિર્ષક | ઊંડા | ઊડા |
| ૧૭ | ૫૫ | પાદનોંધ | એમને | જોવું |
| ૧૭ | ૫૬ | ૫ | કો | હો |
| ૧૭ | ૫૭ | ૧ | ઓર | જોડ |
| ૧૮ | ૫૯ | ૩ | બાવો | બાપો |
| ૧૮ | ૬૧ | પાદનોંધ | પિટલી | પિહલી |
| ૧૯ | !.૨ | પાદનોંધ | ભરવા માટે | ભરવા સાથે |
| ૨૦ | ૬૬ | પાદનોંધ | તદ્‌ન | તદ્‌ન |
| ૨૦ | ૬૬ | પાદનોંધ | તદ્દન નાની ઝરણી | તદ્દન નાનું ઝરણું |
| ૨૦ | ૬૭ | ૨ | હિંદુ | હિંદુર |
| ૨૪ | ૭૭ | ૭ | હણીયા | બ્હણીઆ |
| ૨૫ | ૮૩ | પાદનોંધ | લન | લગ્ન |
| ૨૬ | ૮૬ | ૨ | આયલીયે | આયડીયે |
| ૨૭ | ૮૯ | ૯ | પટ્યે' | પટયે'[૭] |
| ૨૮ | ૯૧ | ૭ | આયલીયે | આયડીયે |
| ૩૪ | ૧૧૨ | ૫,૬ | મીરવીલે | મીચીલા |
| ૩૪ | ૧૧૩ | ૨ | મીરવીલો | મીચીલા |
| ૩૫ | ૧૧૬ | પાદનોંધ | હાળના | હાન્ના |
| ૩૭ | ૧૨૦ | શિર્ષક | ધોડિયા જાતિમાં ગવાતાં લગ્ન ગીતો | પૈકા બ્લેકમાં પાનના શિર્ષક તરીકે |
| ૩૭ | ૧૨૦ | શિર્ષક નીચે | [ગતાંકથી ચાલુ] | d |
| ૩૭ | ૧૨૦ | ૨ | ભંગની | પિતા ને |
| ૩૮ | ૧૨૪ | ૧ | મહોલમાં | મહેલમાં |
| ૪૦ | ૧૩૦ | ૩ | ભંગવી | ભંગી |
| ૪૩ | ૧૩૮ | ૧ | છેડો | છોડયો |
| ૪૩ | ૧૩૮ | ૧ | બાંધ | બંધ |
| ૪૩ | ૧૩૮ | ૪ | બેર | લેરી |
| ૪૩ | ૧૩૮ | ૫ | છેડો | છોડો |



| | | | | |
|---|---|---|---|---|
| ૪૪ | ૧૪૨ | ૨,૪ | પિછોડી | વિછોડી |
| ૪૫ | ૧૪૫ | ૨-૫ | કુંવારા | કુંવાર |
| ૪૫ | ૧૪૬ | ૩,૪,૭,૮ | આપને | આપણને |
| ૪૭ | ૧૫૦ | ૩ | વરેવા | વેરેવા |
| ૪૭ | ૧૫૧ | ૨–૬ | અંધરાણી | અંધરાણી |
| ૪૭ | ૧૫૨ | ૫ | લેલે | લલાટે |
| ૪૮ | ૧૫૪ | શીર્ષક | ઉંડા | ઊડા |
| ૪૮ | ૧૫૪ | ૨,૪,૬,૮ | ઝરમણિયા | ઝરમલિયા |
| ૪૯ | ૧૫૬ | ૨ | માંડા | માંડી |
| ૫૫ | ૧૭૭ | પાદનોંધ | મૂકયા | મૂકયો |
| ૫૬ | ૧૮૦ | ૭ | છાપે | ઝાંપે |
| ૫૭ | ૧૮૨ | ૧ | પાલેશી | પાલેથી |
| ૫૭ | ૧૮૫ | ૧ | પાટ | પાર |
| ૫૮ | ૧૮૮ | ૨ | શીખીલભા | શોખીનભાઈ |
| ૫૯ | ૧૯૨ | ૩ | ભોમય | ભોજાય |
| ૫૯ | ૧૯૩ | ૩ | મમાટ દરિયે લાખનવવાય | મોટે દરિયે લોબન વધાવ |
| ૫૯ | ૧૯૩ | ૬ | ખોડાયા | જોડયા |
| ૬૦ | ૧૯૫ | ૨,૪ | વોલા | વાલા |
| ૬૦ | ૧૯૬ | ૨ | ઝીણુકારી | ઝીણો કરી |
| ૬૩ | ૨૦૫ | ૧ | ક્રોધા | કંધા |
| ૬૩ | ૨૦૫ | ૩ | કાયસી | કાયઠી |
| ૬૮ | ૨૧૯ | ૫ | ટાડી | તાડી |
| ૬૮ | ૨૧૯ | પાદનોંધ | તારા. દૂધની | તારા દૂધની |
| ૭૬ | ૨૪૩ | ૩ | કાંહલીએ | કંહલી |
| ૮૧ | ૨૫૮ | ૭ | હુંસેરી | કંસરી |
| ૮૪ | ૨૭૦ | ૧,૩ | ગમરાખ | ગમડાવ |
| ૮૭ | ૨૭૯ | પાદનોંધ | કાચીડી | કાચીંડી |
| ૮૭ | ૨૮૦ | ૨ | નાથ | નાય |
| ૯૨ | ૨૯૨ | ૩ | આવળે | આવડે |
| ૯૨ | ૨૯૩ | ૩ | આધામાં | હાથામાં |
| ૯૨ | ૨૯૩ | ૪ | બાથામાં | હાથામાં |
| ૯૨ | ૨૯૩ | ૪ | ઉરાને | કરીને |
| ૯૩ | ૨૯૪ | ૧ | ગવાતાં ગીતો | ગવાતું ગીત |
| ૯૪ | ૨૯૭ | ૭ | આવતી | આયતી |
| ૯૬ | ૩૦૩ | ૨ | ઉવે | ઉવે[૪] |
| ૯૬ | ૩૦૩ | ૨ | મામીઆ[૪] | મામીઆ[૫] |
| ૯૬ | ૩૦૩ | ૩ | તારે[૫] | તારે[૬] |

| | | | | |
|---|---|---|---|---|
| ૯૬ | ૩૦૩ | ૩ | મોહાવરે[6] | મોહાવરે[7] |
| ૯૬ | ૩૦૩ | ૪ | તીયે[7] | તીયે[8] |
| ૯૬ | ૩૦૩ | ૪ | કરવાડે હાતરા[8] | કરવાડે હાતરા[9] |
| ૯૬ | ૩૦૩ | ૫ | આખા કુટલ[9] | આખા કુટલ[10] |
| ૯૬ | ૩૦૩ | ૬ | ભયે[10] | તેણુંએ[11] |
| ૯૬ | ૩૦૩ | ૬ | કરવાડે હાતાકરા[11] | કરવાડે હાનાકરા[11] |
| ૯૭ | ૩૦૪ | ૧–૪ | અધોએ/આધોએ/ અદોએ | અંધળે |
| ૯૭ | ૩૦૪ | પાદનોંધ | ૩. નાચતાં | નહાય |
| ૯૭ | ૩૦૫ | ૧ | દેસાઈ નો | દેહાઈ નો |
| ૯૮ | ૩૦૮ | શીર્ષક | પરણાવવા | પરણુવા |
| ૯૮ | ૩૦૮ | શીર્ષક | રે | ત્યારે |
| ૯૯ | ૩૦૯ | શીર્ષક | ત્યાર | ત્યારે |
| ૯૯ | ૩૦૯ | ૧ | અમણા ગાવીમા | આમણા ગાવામાં |
| ૯૯ | ૩૦૯ | ૩ | ગેહલી | ગાહલી |
| ૯૯ | ૩૦૯ | ૪ | રાબાયા | રા,બા'યા |
| ૯૯ | ૩૧૧ | ૧ | હાથમા | હાથમાં |
| ૧૦૦ | ૩૧૩ | ૧ | ચાંદ | ચાલ |
| ૧૦૦ | ૩૧૩ | પાદનોંધ | ૮, | ૮. |
| ૧૦૩ | ૩૧૯ | ૨,૩ | ઢીધી | સીધી |
| ૧૦૩ | ૩૨૦ | ૧ | આબ્યવો | આયવો |
| ૧૦૩ | ૩૨૦ | ૧ | જોડમાં | જોરમાં |
| ૧૦૪ | ૩૨૧ | ૮ | કારીલોવા | માયા ધરી લેવા |
| ૧૦૪ | ૩૨૧ | ૧૦ | કહેશું | કહેવું |
| ૧૦૪ | ૩૨૨ | ૧૫ | જેઠણુ | જેઠાણી |
| ૧૦૪ | ૩૨૨ | ૧૫ | બન્ન | બની |
| ૧૦૫ | ૩૨૩ | ૭–૮ | શેઠશેઠાણુ | જેઠ – જેઠાણી |
| ૧૦૬ | ૩૨૭ | ૪ | સાસરેની સુરાવે | d |
| ૧૦૭ | ૩૨૯ | ૧૫ | અંબેમાં | અંબેમા |
| ૧૦૮ | ૩૩૧ | ૨ | મનાબા મોભાયો | મનમાં મોઝાયાં |
| ૧૦૮ | ૩૩૧ | ૫ | મોઝાયો | મોઝાયાં |
| ૧૧૦ | ૩૩૬ | ૧ | પારા | મારા |
| ૧૧૦ | ૩૩૭ | ૫ | સાંકરામાં | સાંકળાંમાં |
| ૧૧૧ | ૩૩૮ | ૩ | એહિયાં | એહા |
| ૧૧૧ | ૩૩૯ | ૩ | દોની | ક્રાની |
| ૧૧૧ | ૩૪૦ | ૧-૨ | બંનેને | બેનને |
| ૧૧૨ | ૩૪૨ | ૨ | આડામેં | આટામેં |



| | | | | |
|---|---|---|---|---|
| ૧૧૪ | ૩૪૭ | શીર્ષક | ઝેરિયાં | /લેરિયું |
| ૧૧૪ | ૩૪૮ | શીર્ષક | ઝેરિયું | /લેરિયું |
| ૧૧૪ | ૩૪૮ | પાદનોંધ | માર્ગદર્શક | માહિતીદર્શક |
| ૧૧૮ | ૩૫૬ | શીર્ષક | ઝેરિયું | લેરિયું |
| ૧૧૮ | ૩૫૬ | શીર્ષક | તર | તૂર |
| ૧૧૯ | ૩૫૭ | ૩,૪ | થોબલોક | ઢાબલોક |
| ૧૨૬ | ૩૭૯ | પાદનોંધ | કુમુબહેન | કમુબહેન |
| ૧૨૮ | ૩૮૪ | ૧ | ગોરીને | ચોરીને |
| ૧૨૮ | ૩૮૪ | ૩ | બેલારે | લલાટે |
| ૧૨૮ | ૩૮૪ | ૬ | વોર | વોહ |
| ૧૨૯ | ૩૮૫ | ૨ | વેયું | વેચું |
| ૧૨૯ | ૩૮૭ | ૨ | વલેરા | વેલેરા |
| ૧૩૦ | ૩૯૦ | ૪ | પરગાઢે | પરગાડે |
| ૧૩૨ | ૩૯૮ | ૨,૪,૬,૮, ૧૦,૧૨,૧૩ | ભરેલાં | ભર્યા |
| ૧૩૨ | ૩૯૮ | ૧ | બરીકાંમા | બરીકામાં |
| ૧૩૩ | ૪૦૧ | ૧ | ઘોઢો | ઘોડો |
| ૧૩૬ | ૪૧૦ | ૧,૩,૫ | લવીલવી | લળીલળી |
| ૧૩૬ | ૪૧૧ | ૨ | પોણુ | પોહા |
| ૧૩૬ | ૪૧૧ | ૬ | દલાયલે | દલાલે |
| ૧૩૬ | ૪૧૨ | ૨ | કવાય | કેવાય |
| ૧૩૬ | ૪૧૨ | ૩ | લાયજેરા | લાવજેરા |
| ૧૩૬ | ૪૧૨ | ૫ | કવાયરા | કેવાયરા |
| ૧૩૬ | ૪૧૨ | ૬ | લારજેરા | લાવજેરા |
| ૧૪૨ | ૪૨૬ | ૩ | ગેલાચ્યાંદલાનું | પેલા ચાંદલાનું |
| ૧૪૪ | ૪૩૧ | ૧ | વાળે | વાડે |
| ૧૪૫ | ૪૩૧ | ૨ | કોઢિયું | કોડિયું |
| ૧૫૦ | ૪૫૪ | ૧ | કે દાળનું | કે'દાડનું |

## શુદ્ધિ સૂચિ-વિજ્ઞપ્તિ

* નોંધ નિર્દેશ સૂચા (૧)ની નોંધના અંતે તે નીચેની વિગતો ઉમેરીને વાંચવું.

“વાંસદા અને વ્યારા તાલુકાના મારા અન્ય બે માહિતીદર્શકો શ્રી ગુલાબભાઈ પટેલ અને શ્રી ગણપતભાઈ પટેલે, છેલ્લા શુદ્ધિપત્રકની તૈયારી કરતી વખતે તેમના વિસ્તારમાં આ અંગેની પ્રચલિત ઉક્તિમાં ‘છઠનો’ નિર્દેશ આવતો ન હોવાનું અને તેમને ત્યાં ‘ચોથ ચૌદશને તેમ, પોરીને મોકલું કેમ’ એવી ઉક્તિ હોવાનું જણાવેલું. તેજ રીતે વાંસદા તાલુકાના કેળકચ્છ ગામના અન્ય એક માહિતીદર્શક શ્રી ઈશ્વરભાઈ ગામીતે તેમના ગામમાં ધોડિયાઓમાં ‘ચોથ ચૌદશને તેમ એને કરવું કેમ” એવી ઉક્તિ પ્રચલિત હોવાનું દર્શાવેલું.”

* સંચયકારનાં નામ ગીતક્રમાંક ૧૨૦, ૧૩૯, ૧૪૩, ૧૪૯, ૧૫૭, ૧૭૭, ૧૯૧, ૧૯૭, ૨૦૨, ૨૦૫, ૨૨૧, ૨૨૭, ૨૩૩, ૨૩૬ની નીચે છે તેને બદલે ઉપરોક્ત સંબંધિત ગીતક્રમાંકની ઉપર સમજવાં. ગીતક્રમાંક ૨૯૩ નીચેનું સંચયકારનું નામ ગીતક્રમાંક ૨૯૨ની ઉપર સમજવું.

* ૧૩૪ પછીનાં શબ્દાર્થ ધરાવનારાં દરેક ગીતના ક્રમાંકવાર પાદનોંધવાળી પંક્તિની ઉપર લીટી સમજવી.

* ગીતક્રમાંક ૧૫૦, ૧૫૧, ૧૮૦ અને ૨૦૫ના પાદનોંધવાળા શબ્દાર્થક્રમાંકને, દરેક ગીતવાર અલગ અલગ ક્રમાંક ૧થી શરૂ કરીને સમજવા.

* ગીત ક્રમાંક ૩૦૫, ૩૦૯, ૩૧૧, ૩૧૩, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૨૭, ૩૨૮, ૩૨૯, ૩૩૦, ૩૩૫ તથા ૩૩૬ નીચેના નાના કૌંસમાંના અન્ય ક્રમાંક અથવા શબ્દને રદ સમજવા.

* પૃ. ૧૧૯થી ૧૫૨ સુધીના પૃષ્ઠ શિર્ષકના “લગ્ન ગીતો” શબ્દ આગલાં પૃષ્ઠોની જેમ ભેગો સમજવાનો છે.

* સંદર્ભસૂચિમાં છેલ્લા બે સંચયકારોનાં ‘આદિવાસી ગુજરાત’ના વર્ષ ૪ના અંક-૧માં પ્રસિદ્ધ થયેલાં ‘ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો’નો સમાવેશ કરવાનો છે. જ્યારે તેમના પહેલાંના સંચયકારનાં આ ઉપરાંત આ સામયિકમાં વર્ષ ૩ના અંક ૨માં આ જ શિર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલાં ગીતોનો સમાવેશ કરવાનો છે.

* સંદર્ભસૂચિના અંતમાં “૧૯૮૭: ‘ધોડિયા કૂળ યાદી’ આદિવાસી સંદેશ, વર્ષ ૨૪, અંક ૨” ઉમેરાયેલું સમજવાનું છે.



## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. આદિવાસીઓના પ્રશ્નો | સંપાદક વિમલ શાહ | ૪-૦૦ |
| ૨. ગુજરાતના આદિવાસીઓ | વિમલ શાહ | ૮-૦૦ |
| ૩. ગુજરાતના દુબળાઓ | પી. જી. શાહ | ૩-૫૦ |
| ૪. ગુજરાતી-ભીલી વાતચીત (ગરાસિયા સ્વરૂપ) | શાંતિભાઈ આચાર્ય | ૨-૦૦ |
| ૫. ચૌધરીઓ અને ચૌધરી શબ્દાવલી | ” | ૮-૦૦ |
| ૬. ભીલી-ગુજરાતી શબ્દાવલી (ગરાસિયા સ્વરૂપ) | ” | ૧-૫૦ |
| ૭. સમુહ શ્રાદ્ધ | વિમલ શાહ, રમેશ શ્રોફ, હકુ શાહ | ૧૦-૦૦ |
| ૮. દક્ષિણ ગુજરાતનું સાદું વાણા બાંધણી કાર્ય | ડૉ. એબરહાર્ડ ફિશર, હકુ શાહ | ૪-૦૦ |
| ૯. દુબળાનાં લોકગીતો | ડૉ. હા.ભા. નાયક | ૪-૫૦ |
| ૧૦. પછાત વર્ગો વિષે બે મનનો | સંપા. ડૉ. હા. ભા. નાયક<br>સહ સંપા. ડૉ. સિદ્ધરાજ સોલંકી | ૨૦-૦૦ |
| ૧૧. સગાઈનો અભ્યાસ: કેટલાક સુઝાવો | ડૉ. હા. ભા. નાયક | ૪-૫૦ |
| ૧૨. પશુપાલનનો સમાજ માનવશાસ્ત્રીય અભ્યાસ | ડૉ. સિદ્ધરાજ સોલંકી<br>ડૉ. આશા સોલંકી | ૧૮-૦૦ |
| ૧૩. સંથાલ આદિવાસીઓ | સંપા. ડૉ. હા. ભા. નાયક<br>ડૉ. સિદ્ધરાજ સોલંકી | ૧૫-૦૦ |
| ૧૪. ઘટક કક્ષાએ પૂર્ણરોજગારી આયોજન (સાગબારા) | આર. બી. લાલ<br>ભારતીબહેન દેસાઈ | ૩૦-૦૦ |
| ૧૫. આદિવાસી વાદ્યસંગીત | સ્વરાંકન નોંધ: રાવજીભાઈ પટેલ<br>ગીતસંચય: વિમલ શાહ,<br>ડૉ. સિદ્ધરાજ સોલંકી<br>ઇન્દ્રશંકર રાવલ | ૯-૦૦ |
| ૧૬. બાળ ઉછેરનો સમાજ માનવશાસ્ત્રીય અભ્યાસ | ડૉ. સિદ્ધરાજ સોલંકી<br>ડૉ. આશા સોલંકી | ૭-૦૦ |
| ૧૭. ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા | મુસ્તાલી મસવી | ૩-૫૦ |
| ૧૮. ગુજરાતના આદિવાસી લઘુવિસ્તારોનું આયોજન | ડૉ. ઠાકોરભાઈ નાયક | ૬-૦૦ |
| ૧૯. गुजरात के आदिवासी | विमल शाह | ૮-૦૦ |
| ૨૦. Mogra Dev : Tribal Crocodile Gods | Dr. Eberhard Fischer, Haku Shah | ૧૫-૦૦ |
| ૨૧. Vetra Ne Khambha : Memorials for the Dead | Dr. Eberhard Fischer, Haku Shah | ૧૫-૦૦ |
| ૨૨. Block Level Planning for Full Employment (Sagbara) | R. B. Lal, Bharati Desai | ૪૦-૦૦ |
| ૨૩. The Saharias | Dr. T. B. Naik | ૨૫-૦૦ |

પ્રાપ્તિસ્થાન :- નવજીવન કાર્યાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

